

P.07

સામંથા નંબર વન, લોકપ્રિયતામાં આલિયા-દીપિકાનો ક્લાસ ગયો

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673



P.07

અભિનેતા રણબીર કપૂર સંજય લીલા ભણસાલીને પોતાનો ગોડફાધર માને છે

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૧૧૦ । વિક્રમ સંવત ૨૦૮૧ : કારતક વદ ૧૧ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 110 • Dt. 26-10-2024 Tuesday • Page 08 • Price : Rs. 4 • City Office : Lok Patrika Media House, 72, City Centre, Nr. Swastik Cross Road, C.G. Road, Navrangpura, Ahmedabad 380009 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


સંભલમાં જામા મસ્જિદના સર્વે દરમિયાન ફાટી નીકળેલી હિંસામાં ૪ યુવકોના મોત

07



**26**
NOVEMBER- 2024
TUESDAY



07

રાહુલ ગાંધીએ સંભલમાં ભડકેલી હિંસા અંગે ભાજપ સરકારને જવાબદાર ઠેરવી






## ગુજરાતના ખેડૂતોનું ટેન્શન વધ્યું । સરકાર દ્વારા તાત્કાલિક ડીએપી ખાતર આપવામાં આવે તેવી ખેડૂતોની ઉગ્ર માગ

# સૌરાષ્ટ્રમાં રવિ પાકની સીઝનમાં ખાતરની તંગી

। પ્રતિનિધિ, રાજકોટ, તા. ૨૫ ।

સમગ્ર ગુજરાતમાં હાલ ખેડૂતો રવિ પાકનું વાવેતર કરી રહ્યા છે ત્યારે ડીએપી ખાતરની અછતનો સામનો ખેડૂતો કરી રહ્યાં છે. રવિ પાકની સીઝનમાં ખાસ કરીને ઘઉં ચણા ડુંગળી સહિતની જણસોનું વાવેતર કરતા હોય છે. આ વાવેતર માટે ડીએપી ખાતરનો ખેડૂતો ઉપયોગ કરતા હોય છે. ત્યારે ખાતરના ડેપોમાં ડીએપી ખાતરની અછત હોવાનું ખેડૂતો કરી રહ્યા છે. સરકાર દ્વારા ખેડૂતોને રવિ પાકની સિઝન માટે તાત્કાલિક ડીએપી ખાતર ખેડૂતોને આપે તેવી માંગ ખેડૂતો કરી રહ્યા છે. હાલ રવિ પાકની સીઝન હોવાથી ખેડૂતોને ડીએપી ખાતરની તાતી જરૂર પડી છે. ડીએપી ખાતરના ઉપયોગથી વાવેતરમાં વધારો થાય છે અને ફાલ પણ સારો આવે છે. ડીએપી ખાતરના વાકે ખેડૂતો રવિ પાકની સીઝનનું વાવેતર નથી કરી શકતા તેવું કહી રહ્યાં છે.

### હાલના સમયમાં ખેડૂતોને ડીએપી ખાતરની ખૂબ જ જરૂર

રવિ પાક માટે ખેડૂતો ડીએપી ખાતરનો ઉપયોગ કરતા હોય છે ડીએપી ખાતરથી પાકમાં ઉતારો સારો આવે છે અને ફાલ પણ સારો આવે છે. ત્યારે હાલના સમયમાં ખેડૂતોને ડીએપી ખાતરની ખૂબ જ જરૂર છે. ખેડૂતો ખાતરના ડેપોમાં ડીએપી ખાતર લેવા જાય છે. પરંતુ હજુ સુધી ડીએપી ખાતર ખેડૂતને મળી રહ્યું નથી આથી ખેડૂતો સરકારને અપીલ કરી રહ્યા છે કે તાત્કાલિક ડીએપી ખાતર ખેડૂતોને આપવામાં આવે તો તેઓ રવિ પાક લઈ શકે.

## ઠંડીએ જોર પકડ્યું । લઘુત્તમ તાપમાન ૧૧.૮ ડિગ્રીથી ૨૧.૧ ડિગ્રી વચ્ચે નોંધાયું

# સમગ્ર ગુજરાતમાં શિયાળાની આકરી શરૂઆત

। પ્રતિનિધિ, અમદાવાદ, તા. ૨૫ ।

ગુજરાતમાં શિયાળાની આકરી શરૂઆત થઈ ગઈ છે. રાજ્યમાં દિવસેને દિવસે તાપ માન ઘટી રહ્યું છે ત્યારે ઠંડીએ જોર પકડ્યું છે. શિયાળાએ તેનું સાચું સ્વરૂપ બતાવવાનું શરૂ કરી દીધું છે. રાજ્યમાં તાપમાનમાં એકાએક ઘટાડો નોંધાયો છે. ગુજરાતમાં લઘુત્તમ તાપમાન ૧૧.૮ ડિગ્રીથી ૨૧.૧ ડિગ્રી વચ્ચે નોંધાયું છે. જેમાં રાજ્યનું પાટનગર ૧૧.૮ ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે સૌથી ઠંડુ શહેર રહ્યું હતું. એકંદરે રાજ્યમાં



તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે.ગુજરાતમાં ઠંડીમાં વધારો થતાં લોકોને ઠંડીનો અહેસાસ થવા લાગ્યો છે. કડકડતી ઠંડી પડતાં જ તેની અસર લોકો પર જોવા મળી રહી છે. ગુજરાતમાં લઘુત્તમ તાપ માન ૧૧.૮ ડિગ્રીથી ૨૧.૧ ડિગ્રી વચ્ચે નોંધાયું છે. જેમાં રાજ્યનું પાટનગર ૧૧.૮ ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે સૌથી ઠંડુ શહેર રહ્યું હતું. જ્યારે ઓખામાં ૨૧.૧ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ડીસા અને કેશોદ ૧૪.૩ ડિગ્રી તાપમાન સાથે બીજા ક્રમે રહ્યા હતા.રાજ્યમાં તાપમાનમાં એકંદરે ઘટાડા સાથે અમદાવાદ શહેરમાં પણ ઠંડીનું જોર યથાવત છે. સવારથી સાંજ સુધી ઠંડીની અસર જોવા મળી રહી છે. તાપમાનની વાત કરીએ તો અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૬ ડિગ્રી નોંધાયું હતું. આગામી દિવસોમાં તાપમાનનો પારો વધુ નીચે જવાની શક્યતાઓ છે.



સ્પર્ધકોને કેટલીક સુવિધાઓનો અભાવ

# રાજકોટમાં ૬૮મી નેશનલ સ્કૂલ ગેમનો ભવ્ય પ્રારંભ

## નેશનલ સ્કૂલ ગેમમાં ભાગ લેતા ૨૦૦૦ જેટલા સ્પર્ધકોને થ્રી સ્ટાર હોટેલનું કહીને આવાસમાં ઉતારો આપવામાં આવ્યો

। પ્રતિનિધિ, રાજકોટ, તા. ૨૫ ।

રાજકોટમાં સ્વિમિંગ અને ડાઈવિંગની નેશનલ સ્કૂલ ગેમ યોજાઈ છે પરંતુ આ સ્પર્ધા શરૂઆતથી જ વિવાદોમાં જોવા મળી છે. આ ૬૮ મી નેશનલ સ્કૂલ ગેમમાં ભાગ લેતા ૨૦૦૦ જેટલા સ્પર્ધકોને થ્રી સ્ટાર હોટેલનું કહીને આવાસમાં ઉતારો આપવામાં આવ્યો હતો. હવે જે જગ્યાએ નેશનલ સ્કૂલ ગેમનો પ્રારંભ થયો છે, તે રાજકોટના કોઠારિયા રોડ પર ના સરદાર પટેલ સ્વિમિંગ પૂલમાં વોશરૂમમાં ગંદકી જોવા મળી હતી. તેમજ સ્વિમિંગ પૂલ અને પ્રેક્ષક ગેલેરી પણ ટૂંકી છે.જો કે આ દરમિયાન ગુજરાતની ૫ ગોલ્ડ મેડલ મેળવી ચૂકેલી વિદ્યાર્થિનીએ કહ્યુ કે,'૩ વર્ષની ઓલમ્પિક વિજેતા કેનેડિયન સ્વિમર રોલ મોડેલ છે અને તેથી હુ ભારત તરફથી ઓલમ્પિક રમવા માગું છું.'રાજકોટ મહાનગરપાલિકાના સ્વિમિંગ કોચ અને છેલ્લા ૩૫ વર્ષથી વિદ્યાર્થીઓને શીખવતા બંકિમ જોશીએ જણાવ્યું હતું કે, 'નેશનલ સ્કૂલ ગેમમાં ભારતમાંથી ૪૫ જેટલા યુનિટના ૨૦૦૦થી વધુ સ્વિમર ભાગ લેવા માટે આવ્યા છે. તો ડાઈવિંગના ૧૫૦ થી વધુ ખેલાડીઓ આવ્યા છે. જેમાં સ્કૂલમાં અભ્યાસ કરતા અન્ડર-૧૪, ૧૭ અને ૧૯ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે.'

તેમણે વધુમાં કહ્યું કે,'ભારતના દરેક રાજ્યો ઉપરાંત કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી પણ વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં ભાગ લેવા માટે અહીં આવ્યા છે. વર્ષ ૨૦૧૭ પછી રાજકોટને નેશનલ સ્કૂલ ગેમ મળી છે, પરંતુ વર્ષ ૨૦૦૫ થી અત્યાર સુધીમાં ૨૫ જેટલી નેશનલ ગેમનું આયોજન કર્યું છે. જેમાં માસ્ટર્સ ઉપરાંત જુનિયર, સબ જુનિયર અને ઓપન કેટેગરીના ખેલાડીઓની અહીં સ્પર્ધા યોજાઈ ચૂકી છે.

## ઇન્ફોર્સમેન્ટ (ઈડી)ના દરોડામાં મોટું કૌભાંડ બહાર આવ્યું

## ૨૦૧૨ થી અત્યાર સુધીમાં ગુજરાતમાંથી અન્ય રાજ્યોમાં એક હજાર કરોડથી વધારે ના ખેરના લાકડાની ડિલિવરી થઈ, ખેરના લાકડાની દાણચોરી કરનાર પુષ્પા નામનો મુખ્ય સૂત્રધાર વોન્ટેડ

# દક્ષિણ ગુજરાતમાંથી ખેરના લાકડાની દાણચોરીનું મસમોટું કૌભાંડ ઝડપાયું

। પ્રતિનિધિ, અમદાવાદ, તા. ૨૫ ।

એનફોર્સમેન્ટના અધિકારીઓએ તાજેતરમાં દક્ષિણ ગુજરાત હરિયાણા અને દિલ્હીમાં તે સ્થળોએ દરોડા પાડીને ખેરના લાકડાઓની દાણચોરી કરનારા ઓની સિન્ડિકેટ ની ઓફિસ અને ગોડાઉનમાં દરોડા પાડીને ખેરના લાકડાઓની દાણચોરી થતી હોવાનું એક કૌભાંડ પકડી પાડ્યું છે .દ.ગુજરાતના વ્યારા વાપી સુરત વલસાડ નવસારી અને નર્મદા નજીક આવેલા ખેરના લાકડાઓનું ગેરકાયદે નિકંદન કરીને ગુજરાત સાથે જોડાયેલી બોર્ડર પરથી લાકડાની ડિલિવરી કરતા હતા અને વૃક્ષો કાપી વાઈલ્ડ લાઈફ ને નુકસાન કરતા હતા જેમની સામે માંડવીના રેન્જ ફોરેસ્ટ ઓફિસરે એફઆઈઆર પણ દાખલ કરાવી હતી જેના આધારે એનફોર્સમેન્ટના અધિકારીઓએ દક્ષિણ ગુજરાત દિલ્હી હરિયાણા ઉત્તર પ્રદેશ મધ્યપ્રદેશ માં મોટા પાયે દરોડા પાડ્યા હતા સૂત્રોએ જણાવ્યું કે ૨૦૧૨ થી અત્યાર સુધીમાં ૧,૦૦૦ કરોડથી વધારે ના ખેરના લાકડાની ડિલિવરી દેશભરમાં કરવામાં આવી છે આ લાકડાનો ઉપયોગ પાન બનાવવા માટે તેમાં કાથો લગાવવામાં આવે છે તે કાથો ખેરના લાકડા માંથી બનાવવામાં આવે છે એટલું જ નહીં પાન મસાલા બનાવવા માટે પણ આ લાકડાનો ઉપયોગ થાય છે અને આ લાકડા માત્ર દક્ષિણ ગુજરાતમાં મળતા હોવાથી ચંદનના લાકડાની જેમ તેની દાણચોરી થઈ રહી હોવા છતાં ગુજરાતના ફોરેસ્ટ અધિકારીઓ હજુ સુધી કશું કરી શક્યા નથી. માત્ર એક ફરિયાદ થયા પછી તંત્ર એકદમ શાંત પડી ગયું હતું.

## ઉચ્ચકક્ષાએથી તપાસ થાય તો કૌભાંડનો પરપોટો ફૂટી જશે

# હવે મોઢાના કેન્સર ના ઓપરેશન કરીને રૂપિયા કમાવવાનો નવો ખેલ ઉભો થયો

## વર્ષ ૨૦૨૧-૨૨માં અમદાવાદ સુરત રાજકોટની ૨૯૧ હોસ્પિટલોને દાવાના ૧૦૦૫ કરોડ અને વર્ષ ૨૨-૨૩માં ૪૨૮ હોસ્પિટલને ૧૨૦૨ કરોડ ચૂકવાયા

। પ્રતિનિધિ, અમદાવાદ, તા. ૨૫ ।

અમદાવાદમાં ખ્યાતિ હોસ્પિટલના ડોક્ટરોએ એનજીઓગ્રાફી અને એનજીઓ પ્લાસ્ટિક ખોટી રીતે કરીને કરોડો રૂપિયા સરકારી તંત્ર પાસેથી મેળવી લીધા છે આ સમગ્ર કૌભાંડની તપાસ હજુ ચાલી રહી છે ત્યારે કડી કલોલ અને પાટણની હોસ્પિટલોના પણ સિલસિલા બંધ કૌભાંડો બહાર આવી રહ્યા છે હવે પાન મસાલા ખાવાથી મોઢાના કેન્સર થવાના કિસ્સાઓમાં પણ આયુષ્યમાન કાર્ડ હેઠળ સર્જરી કરવા માટે સરકારે અમદાવાદ સુરત રાજકોટ સહિતની અસંખ્ય હોસ્પિટલોને કરોડો રૂપિયા ચૂકવી દીધા છે. ગુજરાતના આરોગ્ય અને તબીબી શિક્ષણ વિભાગના છોકરાઓનારા આંકડા જોવા જઈએ તો ૨૦૨૧ ૨૨ માં અમદાવાદ સુરત રાજકોટ ની ૨૯૧ હોસ્પિટલને ૩,૦૧,૩૮૨ કરોડના કરેલા દાવાના ૧૦૦૫ કરોડ ચૂકવ્યા છે. ૨૦૨૨ ૨૩ ના વર્ષ માટે ૪૨૮ હોસ્પિટલ ને ૩, ૮૪, ૯૮૭ કરોડના કરેલા દાવાના ૧૨૦૨ કરોડ ચુકવાયા છે. ૨૦૨૦ માં ૧૦ લાખ. ૨૦૨૧ માં ૫.૨૬ લાખ અને ૨૦૨૨ માં ૮.૧૨, આયુષ્યમાન કાર્ડ હેઠળ લીધેલી સારવારના દાવાઓ કરવામાં આવ્યા હતા.આમ ગુજરાતમાં ૨૦૨૦માં ૧,૦૭૯. વર્ષ ૨૦૨૧ માં ૧,૪૪૪ અને વર્ષ ૨૦૨૨ માં ૨,૩૭૮ કરોડ ચૂકવાયા છે. એક તરફ આયુષ્યમાન કાર્ડ અને અમૃતયમ યોજના મધ્યમ અને ગરીબ વર્ગ માટે રોગના નિદાન માટે આશીર્વાદરૂપ બની છે પરંતુ કેટલીક હોસ્પિટલો દ્વારા તેનો દુરુપયોગ કરીને પોતાના ફાયદા માટે દર્દીઓના સ્વાસ્થ્ય સાથે ચેડા કરીને કરોડો રૂપિયા પડાવીને ધીકતો ધંધો શરૂ કરી દીધો છે.

## લિવિંગ ઓફ લાઇફ સ્ટાઇલ | અમદાવાદમાં હાઈ વેલ્યુ એજ્યુકેશન મેડિકલ સર્વિસ અને રીયલ એસ્ટેટ બિઝનેસના ગ્રોથને કારણે સૌથી મોંઘુ શહેર

# દેશના સૌથી વિકસિત અને મોંઘા દાટ ૧૧ શહેરોમાં અમદાવાદ ૮માં ક્રમે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા. ૨૫ ।

દેશના ૧૧ શહેરોમાં હવે રહેવું મુશ્કેલ બનતું જાય છે દર વર્ષે મોંઘવારીની સાથે દરેક વ્યક્તિની લાઈફ સ્ટાઈલ પણ બદલાતી જાય છે. મોટાભાગના રાજ્યોના મહત્વના શહેરોમાં ઝડપી વિકાસ વિકાસની યોજનાઓ યોજનાઓને કારણે રોજગારીની નવી તકો જમીનોના વક્તા ભાવની સાથે રેસિડેન્સીયલ અને કોમર્શિયલ ભાવમાં થઈ રહેલો વધારો ની સાથે જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ પણ મોંઘી થતી જાય છે તેની સામે આવક આવક વધતી નથી પરંતુ ખર્ચાઓ વધી જાય છે ખર્ચાઓની વાત કરીએ તો દરેકના વ્યક્તિગત



જીવનશૈલી પર આધારિત છે તેમ છતાં પણ દર મહિનાની આખર તારીખ આવે એટલે ઘરના બજેટ ખોવાઈ જતા હોય છે દરેક ઘરમાં હવે વ્યક્તિઓ પાસે મોબાઈલ ફોન અને વ્યક્તિગત રીતે ટુ-વ્હીલર હોય છે તેના પણ ખર્ચા પતિ પત્નીએ પગારમાંથી કરવાના હોય છે આ ઉપરાંત લાઈટ બિલ ગેસના બિલ કરિયાણા ના બીલો પણ ખૂબ મોટા પ્રમાણમાં આવતા હોય છે કઠોળ અને શાકભાજી ના ભાવો પણ વધતા હોય છે જેના કારણે દર મહિને બનાવવામાં આવેલા બજેટ ખોરવાઈ જતા હોય છે. રીયલ એસ્ટેટ અને લાઈફ સ્ટાઈલ ઓફ લિવિંગ ના કેટલાક સૂત્રોએ જણાવ્યું કે દેશના ૧૧ શહેરોમાં મોંઘવારી ની વાત કરવામાં આવે તો અમદાવાદનો આઠમો નંબર આવે છે જ્યારે સુરત ૧૦ માં નંબરે આવતું દેશનું સૌથી મોંઘુ શહેર છે પહેલા નંબરે મુંબઈ દિલ્હી કલકત્તા બેંગલોર પુના ચેન્નઈ હૈદરાબાદ અમદાવાદ જયપુર સુરત અને લખનવ નો સમાવેશ થાય છે.

સૂત્રોએ જણાવ્યું કે મુંબઈ ફાઈનાન્સિયલ હબ અને રીયલ એસ્ટેટ, દિલ્હી કેપિટલ સીટી ની સાથે મિલકતો પણ મોંઘી દાઢ થઈ રહી છે કોલકત્તામાં રિયલ એસ્ટેટ ઈન્ડસ્ટ્રીઝ નો વિકાસ ઝડપથી આગળ વધી રહ્યો છે તેવી જ રીતે બેંગ્લોર અને પુના આઈટી નું હબ માનવામાં આવે છે ઝડપી વિકાસ તરફ આગળ વધી રહ્યું હોવાથી હાઉસિંગ ડેવલપમેન્ટની પણ ડિમાન્ડ વધી રહી છે ચેન્નાઈમાં પણ આઈટી હબ અને ઈન્ડસ્ટ્રીયલ સેક્ટરને ધ્યાનમાં લેતા હાઉસિંગ ડેવલપમેન્ટ ની ડિમાન્ડ વધી છે તેમ જ હૈદરાબાદમાં પણ આઈટી ઈન્ડસ્ટ્રી ફાર્મા સેક્ટર ની સાથે મિલકતો મોંઘી દાટ થઈ રહી છે હવે અમદાવાદમાં પણ આઈટી સેક્ટર જુદી જુદી કંપનીઓના મેન્યુફેક્ચરિંગ યુનિટો ફાર્મા કંપની અને રિયલ એસ્ટેટ બિઝનેસને કારણે ઝડપથી વિકાસ થઈ રહ્યો છે.






CMYK

## દારૂ પીને કાર ચલાવવાની આદતો હજુ નબીરાઓમાં ગઈ નથી ! પોલીસ તંત્ર કેમ ચૂપ થઈ ગયું છે ?

# અમદાવાદના બોપલ રોડ ઉપર નબીરાએ સાત વાહન ચાલકોને અડફેટે લઈને આતંક મચાવ્યો

### હિટ એન્ડ રનના કેસો જ્યારે પણ બને ત્યારે વિસ્મય શાહ ,લબ્ધિ શાહ, મયુર દેસાઈ, તથ્ય પટેલ, સત્યમ શર્મા સહિતના કહેશો સામે આવી જાય છે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૫ ।

અમદાવાદમાં દારૂ પીને અકસ્માત કરવાની ઘટનાઓ દિવસેને દિવસે વધતી જાય છે અકસ્માતમાં ક્યારેક વિદ્યાર્થીઓ તો ક્યારેક રાહદારીઓ અથવા તો નિર્દોષ વ્યક્તિઓના મૃત્યુ થતા હોય છે . આજરોજ સવારે ઈસ્કોન બ્રિજ પરથી આમલી રોડ પર જઈ રહેલા એક નબીરાએ એક કાર ચાલક ટેમ્પાચાલક પછી ટુ-વ્હીલર મળીને પાંચથી સાત વાહનોને અડફેટે લીધા હતા દારૂના નશામાં બીએમડબલ્યુ કાર પુલ ઝડપે હંકારીને આમલી રોડ ઉપર ટાટા મોટર્સના શોરૂમ નજીક કાર ઊભી રહી હતી તે દરમિયાન તે ભાગી જવાનો પ્રયત્ન કરી રહ્યો હતો જો કે લોકોના ટોળાએ કારમાંથી ખેંચીને બહાર કાઢીને માર પણ માર્યો હતો નજરે જોનાર નું કહેવું છે કે કારચાલક રીપલ પંચાલ અકસ્માત સર્જીને કારમાં



જ બેઠો બેઠો સિગરેટ ના ધુમાડા આરામથી કરી રહ્યો જોકે લોકોએ તેને પકડીને પોલીસના હવાલે કર્યો હતો. અકસ્માતની ઘટનાઓ જ્યારે જ્યારે બહાર આવે ત્યારે અમદાવાદ શહેરની હિટ એન્ડ રનની મોટી ઘટનાઓ કહી શકાય તેમાં વિસ્મય શાહનો કેસ ત્યાર પછી હિમાલય મોલ નજીક લબધી ચેતન શાહે નશાની હાલતમાં બેફામ રીતે કાર ચલાવીને રીક્ષા ચાલક સહિત ટુ-વ્હીલર ચાલકોને ઉડાવી દીધા હતા તેવી જ રીતે મયુર દેસાઈની પજેરો કારની ટક્કર વાગતા બે વિદ્યાર્થીઓને ઈજા થઈ હતી જે પ ૈકી એકનું સારવાર દરમિયાન મોત થયું હતું આ અકસ્માત બોપલથી રાજપથ તરફ આવતા રસ્તા પર થયો હતો દારૂ પીને ફુલ સ્પીડે કાર ચલાવીને મ્યુઝિક સાંભળવાના શોખીનો માટે અને તેના પરિવાર માટે આવી ઘટનાઓ આફત રૂપ બનતી હોય છે તેઓ જે કિસ્સો ઈસ્કોન બ્રિજ પર બન્યો હતો જેમાં દારૂ પીધેલી હાલતમાં તથ્ય પટેલે અકસ્માતોની હાર માળા સર્જીને નવ નિર્દોષ વ્યક્તિઓ ને ટક્કર મારતા મૃ ત્યુ થયા હતા.

અમદાવાદમાં છેલ્લા ચાર મહિનામાં ઈસ્કોન બ્રિજ સોલા બ્રિજ પરથી આવતા વાહનો ફુલ સ્પીડે વહેલી સવારે અને મોડી રાત્રે જતા હોય છે જેના કારણે ગંભીર અકસ્માતો થઈ રહ્યા છે ઝાયડસ હોસ્પિટલ રોડ નજીક હ્યુન્ડાઈ કાર ચાલકે પાંચ લોકોને લીધા હતા અને ઈજાગ્રસ્તોને નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા કારચાલક સત્યમ શર્મા પોલીસથી બચવા પરિવાર સાથે રાતોરાત ફરાર થઈ ગયો હતો અને પોલીસને કારમાંથી દારૂની બોટલો પણ મળી હતી તાજેતરમાં જ સોલા બ્રિજ ઉપર એક ડોક્ટર અને મહિલા સાઈકલ ચલાવી રહ્યા હતા ત્યારે એસયુવી કારના ચાલકે બંનેને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થઈ હતી આવો જ એક બનાવ વૈષ્ણવદેવી સર્કલ પાસે બન્યો હતો જેમાં ક્રેટા કાર ની સાથે કાળા કલરની બ્લેક થાર વચ્ચે ટક્કર થઈ હતી જેમાં ઘટના સ્થળે ત્રણ લોકોના મૃત્યુ નીરજા હતા પોલીસે સ્થળ પર તપાસ કરતા એવી માહિતી બહાર આવી હતી કે ફોર્ચ્યુનર કારની અંદર દારૂનો જથ્થો ભરેલો હતો અને તે ખૂબ સ્પીડમાં એસજી હાઈવે થી રાજપથ ક્લબ તરફ વળાંક લેવા જઈ રહ્યો હતો તે દરમિયાન અકસ્માત સર્જાયો હતો.

## દાહોદ જિલ્લામાં ડોમેસ્ટિક એરપોર્ટ બનાવવા માટે તંત્રએ તૈયારી કરી

। પ્રતિનિધિ, દાહોદ, તા.૨૫ ।

દાહોદ જિલ્લામાં ડોમેસ્ટિક એરપોર્ટ બનાવવા માટે તંત્રએ તૈયારી કરી લીધી છે. જમીન સંપાદન બાદ હવે સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે, જેમાં ઝાલોદની આસપ ાસના ૪ ગામોનો સર્વે કરવામાં આવ્યો છે. એરપોર્ટ ઓથોરિટીના ૩ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ એરપોર્ટનો નકશો તૈયાર કરવામાં આવ્યો છે, જેમાં એરપોર્ટનું ગ્રાઉન્ડ અને રનવે અને અન્ય માહિતી પણ દર્શાવવામાં આવી છે.આ સાથે એરપોર્ટથી કયું શહેર કેટલા કિલોમીટર દૂર છે તે પણ નકશામાં દર્શાવવામાં આવ્યું છે. એરપોર્ટના નિર્માણ બાદ ઈન્દોર, ઉદયપુર, વડોદરા, અમદાવાદને જોડવામાં આવશે. ઝાલોદના તાડગોલા ગામ પાસે નેશનલ કોરિડોર પાસે આ એરપોર્ટ બનાવવામાં આવશે.દાહોદ એરપોર્ટ ગુજરાત, મધ્યપ્રદેશ અને રાજસ્થાન એરપોર્ટનું મધ્યબિંદુ હશે. એરપોર્ટ ઓથોરિટીના અધિકારીઓ આસપાસના વિસ્તારના વર્ણન સાથે વિસ્તારનું ભૌગોલિક સર્વેક્ષણ કરે છે.

## ૧૦ દિવસ બાદ વલસાડના ચકચારી કેસની ગુથ્થી ઉકેલાઇ, રેપ વિથ મર્ડરનો આરોપી ઝડપાયો

। પ્રતિનિધિ, વલસાડ, તા.૨૫ ।

૧૦ દિવસ પહેલાના ચકચારી કેસની ગૂથ્થી ઉકેલાઈ છે. જિલ્લાના પારડીના મોતીવાડા નજીક એક કોલેજીયન યુવતી બેહોશ હાલતમાં મળી આવી હતી. ટ્યુશનથી ઘરે જઈ રહેલી યુવતી શંકાસ્પદ હાલતમાં મળતા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવતા તબીબોએ મૃત જાહેર કરી હતી. આ ચકચારી કેસનો આરોપી ઝડપાયો છે. પોલીસે સીસીટીવીની મદદથી આરોપીને પકડી પાડવામાં આવ્યો છે.પોલીસના હાથે લાગેલો આરોપી મૂળ હરિયાણાનો હોવાનું તપાસમાં સામે આવ્યું છે. આ અગાઉ પણ આ ઝડપાયેલો આરોપી અનેક ગુનામાં સંડોવાયેલો હોવાનું સામે આવ્યો છે. પોલીસ પાસેથી મળતી માહિતી પ્રમાણે, આરોપી ઘરથી દૂર રખડતું ભટકતું જીવન જીવતો હતો. આ આરોપીએ ટ્યુશનથી ઘર જઈ રહેલી યુવતી પર દુષ્કર્મ આચરી હત્યા કરવામાં આવી છે.

## ગુજરાતમાં ચેરિટી કમિશ્નરમાં એકસાથે ૧૭૨ની બદલીથી મચી ચકચાર

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૨૫ ।

સરકારી કર્મચારીઓની બદલીનો અભૂતપૂર્વ કિસ્સો સામે આવ્યો છે. એન્ડોમેન્ટ કમિશનર કચેરીના કર્મચારીઓની બદલીના કારણે ગુજરાતમાં અંધાધૂંધી સર્જાઈ છે. ગુજરાતમાં એન્ડોવમેન્ટ કમિશનરના કુલ ૨૦૪ કર્મચારીઓમાંથી ૧૭૨ લોકોની એક સાથે બદલી કરવામાં આવી છે.રાતોરાત બદલીઓના કારણે કર્મચારીઓની મુશ્કેલી વધી છે. એન્ડોમેન્ટ અધિકારીઓએ પ ુનરોચ્ચાર કર્યો કે આ કાયદા વિભાગનો આદેશ છે. રાતોરાત બદલીઓના કારણે કર્મચારીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. એન્ડોમેન્ટ કમિશનરની કચેરીનો સ્ટાફ દરેક જિલ્લામાં કામ કરે છે.

એન્ડોવમેન્ટ્સ વિભાગ ધાર્મિક-જાહેર ટ્રસ્ટોને લગતી મિલકત-વહીવટની બાબતો માટે જવાબદાર છે. મોટા પાયે બદલીઓના કારણે જિલ્લાઓમાં સમગ્ર કચેરીના કર્મચારીઓની બદલી થઈ ગઈ છે. બદલી કરાયેલા કર્મચારીઓને મંગળવારે બદલીના સ્થળે હાજર રહેવા આદેશ કરાયો છે.ભૂતપૂર્વ એન્ડોમેન્ટ કમિશનરે કાયદા સચિવને પત્ર લખીને આ બદલીઓનો વિરોધ કર્યો છે. સચિવને મહિલા વહીવટી અધિકારી અન્સારીના નિર્ણયની તપાસ કરવા વિનંતી કરવામાં આવી છે. બદલીના નિર્ણય સામે મોટી સંખ્યામાં કર્મચારીઓએ કોર્ટમાં જવાની તૈયારી દર્શાવી છે.

### હવે ઇન્કમટેક્સ વિભાગને ફોર્મ ૧૬ એમાં સ્ટેટમેન્ટ ઓફ ફાઇનાન્સિયલ ટ્રાન્જેક્શનની વિગતો દર્શાવવી પડશે

## વિદેશમાં કરેલું રોકાણ અને હાઈ વેલ્યુના ટીડીએસ ક્લેમ કરેલા હશે તો તેની તપાસ કરીને નોટિસ ફટકારવામાં આવશે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૫ ।

ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટએ છુપ ાવેલી આવક શોધી કાઢવા માટે કેટલાક માહિતી સ્ત્રોત ઊભા કર્યા છે અને તેના માધ્યમથી કરદાતાઓએ ફાઈલ કરેલા ફોર્મ ૬૧ એમાં જો વિગતો દર્શાવ્યું નહીં હોય તો ઈન્કમટેક્સ વિભાગની નોટીસ તમને મળી જશે વર્ષ ૨૨ ૨૩ અને વર્ષ ૨૩ ૨૪ ના પૂરા થતા નાણાકીય વર્ષમાં કરેલી છુપાવેલી આવક દર્શાવવામાં નહીં આવે તો આંકડા પગલાની સાથે પેનલ્ટી પણ ભરવાની તૈયારી રાખવી પડશે ખાસ કરીને કેશ પેમેન્ટ બેંક ડ્રાફ્ટ પે ઓર્ડર બેન્કર્સ ચેક દસ લાખ કે તેથી વધુ ના હાઈ વેલ્યુ ટ્રાન્જેક્શન ઉપર ઈન્કમટેક્સ વિભાગ મોનિટરિંગ કરી રહ્યું છે તેની પ ાછળનું કારણ એવું છે કે વ્યક્તિગત રીતે કરદાતાઓની તપાસ કરવી શક્ય નથી એટલે સ્ટેટમેન્ટ ઓફ ફાઈનાન્સિયલ ટ્રાન્જેક્શન ની વિગતો ફોર્મ ૬૧ ૬ માં કરદાતા હોય દર્શાવવી પડશે કંપનીના શેર ડિબેન્ચર બોન્ડ મ્યુચ્યુઅલ ફંડ માં કરેલા રોકાણની વિગતો દર્શાવવી પડશે ખાસ કરીને વિદેશમાં વસાવેલી મિલકત સ્ની વિગતો પણ કરદાતાઓએ આપવી પડશે ઈન્કમટેક્સ વિભાગ દ્વારા કરદાતાઓને વારંવાર અપીલ કરવામાં આવે છે કે ભારતમાં કે વિદેશમાં કોઈપણ પ્રકારનો રોકાણ કર્યું હોય તેની વિગતો ઈન્કમટેક્સ રિટર્ન માં દર્શાવવી જરૂરી છે તેમ છતાં કરતા કરતા આવી વિગતો છુપાવી રહ્યા છે અને તેને શોધી કાઢવા માટે કવાયત પણ શરૂ કરી દીધી છે.

ખાસ કરીને વિદેશમાં રોકાણ કર્યું હોય અને તેની વિગત છુપાવવામાં આવી હોય તેની નોટીસો પણ ગુજરાત સહિત દેશના અન્ય રાજ્યો ના કરદાતાઓને પ ાઠવવાનું શરૂ પણ કરી દેવામાં આવ્યું છે તેવી જ રીતે મોટી રકમના ટીડીએસ લેવાના દાવાઓ રજૂ કરવામાં આવ્યા હશે તેની પણ તપાસ કરીને દવાઓ મંજૂર કરવામાં આવશે તેની પાછળનું કારણ એવું છે કે ખોટા ખર્ચાઓ બતાવીને ટીડીએસ ના દાવાઓ મંજૂર કરી લેવામાં આવતા હોવાના કેટલાક કિસ્સાઓ બહાર આવ્યા છે તે ધ્યાનમાં લઈને હાઈ વેલ્યુ ટીડીએસ ક્લેમ કરવામાં આવ્યા હોય તેની પણ હવે તપાસ શરૂ કરી દેવામાં આવી છે.

## દેશ-દુનિયામાં નામના મેળવનાર લોકગાયિકા ગીતા રબારીના ભાઈનું અવસાન

। પ્રતિનિધિ, ભુજ, તા.૨૫ ।

ગુજરાત સહિત દેશ-દુનિયામાં નામના મેળવનાર લોકગાયિકા ગીતા રબારીનો પરિવાર વેરાન થઈ ગયો છે. ગીતા રબારીના ભાઈ મહેશ રબારીનું ૩૯ વર્ષની વયે નિધન થતાં શોકનો માહોલ છે. આ અંગે જણાવવામાં આવી રહ્યું છે કે મહેશ રબારીનું મોત હાર્ટ એટેકના કારણે થયું હતું. મહેશ રબારી અંજારના ટપ્પર ગામનો વતની હતો.ગીતા રબારી, કીર્તિદાન ગઢવી અને રાજભા ગઢવી સહિત અનેક કલાકારોએ મહેશ રબારીના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો અને પ ોતપોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર શોક સંદેશો પોસ્ટ કરીને મહેશ રબારીને શ્રદ્ધાંજલિ આપી હતી અને પરિવારને આ ખોટ સહન કરવાની શક્તિ આપે તેવી ભગવાનને પ્રાર્થના કરી હતી. શક્તિ આપો.ગીતા રબારી તેનો ઉપલેટાનો કાર્યક્રમ કેન્સલ કરીને વતન પહોંચી ગઈ હતી. મહેશભાઈનું અવસાન થયું ત્યારે ગીતા રબારી ઉપલેટા, ધોરાજીમાં એક કાર્યક્રમ કરી રહી હતી.

## ડિસેમ્બરમાં ૫૪૧૦ પંચાયત પાલિકાની ચૂંટણી યોજવાની શક્યતા

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૫ ।

ગુજરાત રાજ્યની ૫૪ ૧૦ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ડિસેમ્બરની ૧૫ તારીખ પછી યોજાય તેવી શક્યતા જોવા મળી રહી છે. જેમાં બે જિલ્લા પંચાયત ૧૭ તાલુકા પંચાયત ૭૨ નગરપાલિકા અને ૫૩ ૧૯ ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાવાની છે આ ઉપરાંત મહાનગરપ ાલિકા સહિતમાં અંદાજે ૮૪ બેઠકની પેટા ચૂંટણી પણ સાથે યોજાઈ તેવી સંભાવના છે.ગુજરાતમાં છેલ્લા બે વર્ષથી વધુ સમયથી ત્રીજા ભાગની ગ્રામ પંચાયતમાં ચૂંટાયેલા પ્રતિનિધિ ના બદલે વહીવટદારનું શાસન ચાલી રહ્યું છે જેમાં પંચાયતોમાં અનામત બેઠકો અંગેની પ્રક્રિયા ચાલી રહી હોવાથી ચૂંટણી થઈ શકી નહોતી પ રંતુ ચૂંટણી પંચ દ્વારા અનામત બેઠકો અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરી દેવામાં આવી છે સાથે સાથે ડિસેમ્બરમાં ચૂંટણી યોજવા માટેની કામગીરી પૂરી કરી દેવામાં આવે છે.



### સવારે ૧૧:૦૫ વાગે તે ટેક ઓફ થનારી ફ્લાઈટ બપોરના ૧:૩૦ વાગે ટેક ઓફ કરવામાં આવી

# અમદાવાદથી દિલ્હી જતી ઈન્ડીગોની ફ્લાઈટમાં ટેક ઓફ સમયે જ પાયલોટ નહીં આવતા પેસેન્જર અઢી કલાકમાં બેસી રહ્યા !

**ફ્લાઈટના ક્રૂ મેમ્બરે પેસેન્જરને એવો જવાબ આપ્યો કે પાયલોટ ટ્રાફિકમાં ફસાઈ ગયા હોવાથી આવી શક્યા નથી**



। પ્રતિનિધિ, અમદાવાદ, તા. ૨૫ ।

અમદાવાદના ડોમેસ્ટિક એરપોર્ટ ઉપરથી ઈન્ડીગોની ફ્લાઈટ સવારે ૧૧:૦૫ વાગે અમદાવાદથી દિલ્હી જવા રવાના થવાની હતી ૧૦૦ થી વધુ પેસેન્જરોએ બેગેજ ચેકિંગ કરાવીને બોર્ડિંગ પાસ લઈ લીધા હતા ત્યારબાદ તમામ પેસેન્જરને ફ્લાઈટમાં બેસાડી રાખવામાં આવ્યા હતા જોકે ફ્લાઈટ સમયસર ટેકોક નહીં થતાં પેસેન્જર હોય એ કોબાળો મચાવી દીધો હતો. પેસેન્જર ઓએ ફ્લાઈટનાના ક્રુ મેમ્બર અને એરહોસ્ટેસને ફ્લાઈટ કેમ હજુ ટેક ઓફ થઈ નથી તે અંગે પૂછપરછ કરતા ક્રૂ મેમ્બર અને એરહોસ્ટેસે એવો જવાબ આપ્યો કે પાયલોટ ટ્રાફિકમાં ફસાઈ ગયા હોવાથી હજુ આવી શક્યા નથી આ સાંભળીને તમામ પેસેન્જર રોસે ભરાયા હતા અને પેસેન્જરો નું કહેવું હતું કે જો અમે સમયસર ફ્લાઈટમાં બેસવા માટે એરપોર્ટ પર આવી શકીએ છીએ તો પાયલોટ સમયસર એરપોર્ટ પર કેમ આવી શકે નહીં. પેસેન્જર અને ૧૨:૩૦ વાગ્યા સુધી ફ્લાઈટમાં જ બેસાડી રાખવામાં આવ્યા હતા લોકોનો રોષ એટલી હદે વધી ગયો હતો કે સીઆઈએસએફ અને પોલીસ પણ બોલાવવી પડે તેવી પરિસ્થિતિ થઈ ગઈ હતી છેવટે પાયલોટ આવી ગયા છે અને થોડી ક્ષણોમાં આપણે ઉડાન ભરીશું તેવી જાહેરાત કરીને પેસેન્જરને શાંત પાડી દેવામાં આવ્યા હતા આખરે ફ્લાઈટ વાગે દિલ્હી જવા રવાના થઈ હતી આમ પેસેન્જરને અઢી કલાક સુધી ફ્લાઈટમાં જ ગોંધી રાખવામાં આવ્યા હતા એટલો જ નહીં ફ્લાઈટમાં બેસવા માટે પેસેન્જર બે કલાક પહેલા એરપોર્ટ પર આવી ગયા હતા આમ જોવા જઈએ તો પેસેન્જર સાડા ચાર કલાક એરપોર્ટમાં અને ફ્લાઈટની અંદર હેરાન પરેશાન થઈ ગયા હતા લાઈટની અંદર સિનિયર સિટિઝનો મહિલાઓ અને નાના બાળકો પણ હતા અને એરલાઈન્સ કંપની દ્વારા આવો ઘેર વહીવટ અને મિસ મેનેજમેન્ટ કેવી રીતે ચલાવવામાં આવી રહ્યું છે તેવું પેસેન્જર કહી રહ્યા હતા.

### કરજણ ટોલ પ્લાઝા પર ૬૭ ટકા જેટલો વધારો ઝીંકાયો

# હવે અમદાવાદથી મુંબઈ જવું મોંઘુ પડશે, રસ્તામાં આવતા ટોલ ટેક્સમાં તોતિંગ ભાવ વધારો !!

। પ્રતિનિધિ, અમદાવાદ, તા. ૨૫ ।

ગુજરાતથી પસાર થતા નેશનલ હાઈવે પર મુસાફરી મોંઘી બની છે. કરજણ પાસેના ભરથાણા ટોલ પ્લાઝા પર ટોલના દરોમાં તોતિંગ વધારો ઝીંકાયો છે. કરજણ ટોલ પ્લાઝા પર ૬૭ ટકા જેટલો વધારો ઝીંકાયો છે. જેનો બોજો વાહન ચાલકો પર પડશે. રવિવારે મધરાતે ૧૨ વાગ્યાથી આ ભાવ વધારો અમલમાં મૂકાયો છે. જેની અસર અમદાવાદથી મુંબઈ જતા વાહનચાલકોને પડશે. હવે તેમની મુસાફરી મોંઘી બનશે.ટોલદરમાં વધારાના કારણે અમદાવાદથી મુંબઈ જતા વાહનચાલકોએ હવે ભરથાણા ટોલનાકા પર વધુ ટોલ ચૂકવવાનો રહેશે. કારના અગાઉ ૧૦૫ રૂપિયા વસૂલાતા હતા, હવે ભાવ વધારા સાથે રૂ ૧૫૫ ની વસુલાત કરવામાં આવશે. ભરથાણા ટોલ પ્લાઝાથી ૨૦ કિલોમીટરના અંતરે રહેતા લોકો માટે પાસની વ્યવસ્થા કરાઈ છે. મહિને ૩૪૦ રૂપિયા ચૂકવી પાસ કઢાવવાનો રહેશે.

ભરથાણા ટોલનાકા પર પહેલા કાર, જીપ અને વાનના ૧૦૫ રૂપિયા લેવામાં આવતા. તેની જગ્યાએ હવે આ વાહનના ચાલકોએ ૧૫૫ ચૂકવવા પડશે. રિટર્ન ટોલ ૨૩૦ રૂપિયા થશે. એલસીવી વાહનના ચાલકો પાસેથી અત્યાર સુધી ૧૮૦ રૂપિયા વસૂલાતા હતા. તેની જગ્યાએ હવે ૨૪૫ ચૂકવવાના રહેશે.

# સુરતમાં માથાભારે શખ્સની હત્યા, પોલીસે આરોપીને ઝડપીને કાર્યવાહી કરી

। પ્રતિનિધિ, સુરત, તા. ૨૫ ।

જિલ્લામાં એક હત્યાની ઘટના સામે આવી છે. શહેરમાં માથાભારે તરીકે કુખ્યાત અને એક સમયે બુટલેગર મનીષ રૈયાણીના સાગરિત રહેલા ઋષિ પંડિતને કાપોદ્રા મરઘા કેન્દ્ર પાસે છરીના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દેવાની ઘટના સામે આવી છે. હત્યામાં શામેલ એક આરોપી હર્ષિલ ઉર્ફે ટકાને ઋષિએ છરી મારતા તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ કાપોદ્રા મુરઘા કેન્દ્ર પાસે રવિ નગરમાં રહેતાં અને બુટલેગિંગ તથા મારામારીના ગુનામાં કુખ્યાત ઋષિ ઉર્ફે પંડિત ગુલાબસિંહ પાંડે મરઘા કેન્દ્ર શાકમાર્કેટ પાસે તેની મોપેડ પર ઉભો હતો. તે વખતે તેની ઉપર હુમલો થયો હતો. હત્યારાએ ગળા તથા શરીરના અન્ય ભાગો પર છરીના ઘા ઝીંકી દીધા હોવાની જાણ થતાં જ કાપોદ્રા પોલીસ ઈન્સપેક્ટર એમ.બી. ઔસુરા સહિતની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી.







## તંત્રી લેખ...

# શું વિપક્ષનું નબળું થવું લોકશાહી માટે સારું છે?

એ વાત સાચી છે કે કોઈપણ લોકશાહીમાં જે પક્ષ બહુમતી મેળવે છે તે સત્તામાં હોય છે. પરંતુ, જો જીત એકતરફી હોય તો તે લોકશાહીની દૃષ્ટિએ ઘાતક પણ છે. સર્વાધિકારી બીજ અંકુરિત થવાનો ભય રહે છે. મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીના પરિણામો પણ આવો જ સંદેશ આપે છે. સરકાર ગમે તેટલી સારી રીતે કરે (જે તેની ફરજ છે), મતદારોએ તેના પર નિયંત્રણ રાખવું જોઈએ.કોઈપણ પ્રજા તાંત્રિક દેશમાં પક્ષ અને વિપક્ષ વચ્ચે કુદરતી સંતુલન હોવું જોઈએ. જો ગૃહમાં પક્ષનું કદ વિશાળ અને ટ્રેક્ટરના પૈડા જેવું અને વિપક્ષનું કદ નબળું અને સાયકલના પૈડા જેવું હોય તો લોકશાહીની ગાડી વેગ પકડી શકતી નથી. તે બરાબર એવું જ હશે જે રીતે શારીરિક રીતે નબળા વ્યક્તિ રિંગમાં પ્રવેશે અને કુસ્તીબાજને પડકાર આપે. આવી સ્થિતિમાં ખુદને સરમુખત્યાર માનતા શાસક પક્ષ પર ખતરો તીવ્ર બને છે.તે જ વર્ષે, જ્યારે કોંગ્રેસની આગેવાની હેઠળના ગઠબંધને લોકસભાની ચૂંટણીમાં ૨૩૪ બેઠકો જીતી હતી, ત્યારે ભારતીય જનતા પાર્ટી, જે દસ વર્ષથી સરકાર પર શાસન કરી રહી હતી, તેને પોતાના દમ પર સ્પષ્ટ બહુમતી મળી ન હતી. અગાઉ ૨૦૧૯ની ચૂંટણીમાં જ્યારે શાસક પક્ષે પોતાના દમ પર બહુમતી મેળવી હતી, ત્યારે વિપક્ષ પ્રત્યે તેનું વર્તન ઉપેક્ષિત હતું. વિપક્ષ એટલો ગરીબ અને વામન હતો કે સરકારના સમગ્ર કાર્યકાળ દરમિયાન દંભ અને ઘમંડની શૈલી ખીલી હતી. સંસદમાં વિપક્ષને વિશ્વાસમાં લેવામાં આવ્યા ન હતા.રાષ્ટ્રીય મહત્વના મુદ્દાઓ પર કોઈ ચર્ચા થઈ ન હતી અને ભારત સામેના મુદ્દાઓ પર કોઈ ધ્યાન આપવામાં આવ્યું ન હતું. મોંઘવારી હોય કે બેરોજગારી, ભ્રષ્ટાચાર હોય કે લોકતાંત્રિક બંધારણીય સંસ્થાઓ પરના હુમલા, બધામાં વિપક્ષનો અવાજ ખૂબ જ નબળો હતો. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષે પણ તેની માતૃ સંસ્થા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘને લઈને નિવેદન આપ્યું હતું કે પાર્ટીને તે સંગઠનની જરૂર નથી. આ માત્ર સત્તાધારી પક્ષનો અહંકાર હતો.ભારતના મતદારોને તે યોગ્ય લાગ્યું છે. આ કારણોસર, ૨૦૨૪ લોકસભા ચૂંટણીના પરિણામો લોકશાહી માટે સંતુલિત હતા. હવે જ્યારે કેન્દ્ર સરકાર કૉચેસ પર છે અને વિપક્ષ મજબૂત સ્થિતિમાં છે, ત્યારે ભારતીય લોકશાહી સંતુષ્ટ થઈ શકે છે. કોઈપણ રીતે, નીતિશ કુમાર તેમના નબળા શરીરવાળા પક્ષ સાથે મુખ્ય પ્રધાન રહે છે અને જો મોટા કદના ભાજપ ત્યાં તેમના મુખ્ય પ્રધાન ન બનાવી શકે, તો તે સ્વીકૃત લોકશાહી સિદ્ધાંતોનું ઉલ્લંઘન છે.

## થોડું હટકે...

# વૈજ્ઞાનિકોએ મંગળ પર પાણીનો વિશાળ ભંડાર શોધી કાઢ્યો

મંગળ ગ્રહ પર વૈજ્ઞાનિકોએ ઈતિહાસની સૌથી મોટી સફળતા હાંસલ કરી છે. વૈજ્ઞાનિકોએ મંગળ પર પાણી શોધી કાઢ્યું છે જેને તેઓ સેંકડો વર્ષોથી શોધી રહ્યા હતા. વૈજ્ઞાનિકોની આ મોટી શોધ બાદ મંગળ પર જીવનની શક્યતા વધી ગઈ છે. જેમ પૃથ્વી પર દરેક જગ્યાએ પાણી હાજર છે. પૃથ્વીની સપાટીનો લગભગ ૭૦ ટકા ભાગ પાણીથી ઢંકાયેલો છે. પાણી હવામાં, સપાટી પર અને ખડકોની અંદર હોય છે. ભૂસ્તરશાસ્ત્રીય પુરાવા સૂચવે છે કે આશરે ૪.૩ અબજ વર્ષો પહેલાથી પૃથ્વી પર પાણી અસ્તિત્વમાં છે. પરંતુ મંગળ પર પાણીનો ઈતિહાસ ઘણો અનિશ્ચિત રહ્યો છે. મંગળ પર ક્યારે, ક્યાં અને કેટલા સમય સુધી પાણી પ્રથમ વખત દેખાયું તે નક્કી કરવું એ બધા સળગતા પ્રશ્નો છે જે મંગળ પર સંશોધનને આગળ ધપાવે છે. જો મંગળ પર જીવન શક્ય બન્યું હોત, તો ત્યાં થોડું પાણી જરૂરી હોત. અમે મંગળની ઉલ્કાપિંડમાં હાજર ખનિજ ઝિર્કોનનો અભ્યાસ કર્યો અને જાણવા મળ્યું કે ૪.૪૫ અબજ વર્ષો પહેલા ઝિર્કોન સ્ફટિકો બન્યા ત્યારે પાણી હાજર હતું. સાયન્સ એડવાન્સિસ જર્નલમાં આજે પ્રકાશિત થયેલા અમારા પરિણામો મંગળ પર પાણીના સૌથી જૂના પુરાવા પ્રદાન કરી શકે છે. મંગળ પર પાણીના પુરાવા સૌપ્રથમ ૧૯૭૦ના દાયકામાં મળ્યા હતા, જ્યારે નાસાના મરીનર ૯ અવકાશયાનએ મંગળની સપાટી પર નદીની ખીણોની તસવીરો લીધી હતી. બાદમાં માર્સ ગ્લોબલ સર્વેયર અને માર્સ એક્સપ્રેસ સહિતના ઓર્બિટલ મિશનોએ સપાટી પર હાઈડ્રેટેડ માટીના ખનિજોની વ્યાપક હાજરી શોધી કાઢી હતી. આને પાણીની જરૂર પડે છે. મંગળની નદીની ખીણો અને માટીના ખનિજો મુખ્યત્વે નોઆચિયન ભૂપ્રદેશમાં જોવા મળે છે, જે મંગળના લગભગ ૪૫ ટકા ભાગને આવરી લે છે. આ ઉપરાંત, ભ્રમણકક્ષાએ હેસ્પેરિયન વિસ્તારોમાં ‘આઉટફ્લો ચેનલ્સ‘ તરીકે ઓળખાતા મોટા પૂરના નાળા પણ શોધી કાઢ્યા હતા. આ સપાટી પર પાણીની ટૂંકા ગાળાની હાજરી સૂચવે છે, કદાચ ભૂગર્ભજળમાંથી. મંગળ પરના પાણીના મોટા ભાગના અહેવાલો ત્રણ અબજ વર્ષ કરતાં જૂની સામગ્રી અથવા ભૂપ્રદેશમાં પાણીની હાજરી સૂચવે છે. એવું પણ સૂચવવામાં આવ્યું હતું કે મંગળ પર ૪.૪૫ અબજ વર્ષ પહેલાં પ્રારંભિક વૈશ્વિક મહાસાગર હોઈ શકે છે.



વાંચન વિશેષ

લેખક : ફાલ્ગુની વસાવડા

**બાળકોથી લઈને વૃદ્ધો સુધી જે સૌને પ્રિય છે, એવાં શો કરોડપતિનાં આવતાં એપિસોડમાં જુવો એક સ્પેશિયલ ગેસ્ટ!**

**અશોક કામ્ટે મુંબઈ પોલીસના પૂર્વ વિભાગ અધિક પોલીસ કમિશ્નર હતા. તેઓ ૨૦૦૮ મુંબઈ હુમલા દરમિયાન આતંકવાદીઓ વિરોધી કાર્યવાહીમાં શહીદ થયા હતા.**

# ૨૬/૧૧ ૨૦૦૮ ના હુમલામાં શહીદ થયેલાં પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ વીરોને શત શત વંદન

**સિરિયલ બ્લાસ્ટ કરનારા આ આતંકવાદી ઓ હોટલ તાજમાં છુપાવામા સફળ થયાં, અને આમ ૧૩ માંથી ૧૦ આતંકવાદી હોટલ તાજમાં છુપાયાં હતાં.**

બાળકોથી લઈને વૃદ્ધો સુધી જે સૌને પ્રિય છે, એવાં શો કરોડપતિનાં આવતાં એપિસોડમાં જુવો એક સ્પેશિયલ ગેસ્ટ! એ ટ્રેલર જોયું અને ૨૬/૧૧ ૨૦૦૮ની એ ગોઝારી ઘટના યાદ આવી ગઈ. જેમાં ૧૦ સશસ્ત્ર સજ્જ આતંકવાદી ઓએ દેશની આર્થિક રાજધાની ગણાતા મુંબઈમાં હુમલો કર્યો, આ હુમલા તાજ હોટેલ, ઓબેરોય હોટેલ, કામા હૉસ્પિટલ, સીએસટી સ્ટેશન, સેન્ટ ઝેવિયર્સ કોલેજ, લિયોપોલ્ડ કેફે, મેટ્રો સિનેમા, મુંબઈ છબડ હાઉસ અને આ ઉપરાંત ટાઈમ્સ ઑફ ઈન્ડિયામાં આતંકવાદીઓ નિર્દયતાથી ગોળીઓ વરસાવી. હુમલો લગભગ ૬૦ કલાક ચાલ્યો, જેમાં સુરક્ષાકર્મીઓ અને વિદેશીઓ સહિત ૧૬૬ લોકો માર્યા ગયાં, અને ૩૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા, જેમાં ૨૬ વિદેશીઓ પણ હતાં.

સિરિયલ બ્લાસ્ટ કરનારા આ આતંકવાદી ઓ હોટલ તાજમાં છુપાવામા સફળ થયાં, અને આમ ૧૩ માંથી ૧૦ આતંકવાદી હોટલ



તાજમાં છુપાયાં હતાં. ૨૬/૧૧ મુંબઈ ટેરર અટૅકને આજે ૧૬ વર્ષ પૂર્ણ થયાં છે. આ આખું ઓપરેશન પાર પાડવામાં જે ખાખી વર્દી એટલે મુંબઈ પોલીસના ઓફિસરો અને બાહોશ પોલીસ જવાનોએ બલિદાન આપ્યું છે એને યાદ કરવાનાં છે, અને એથી પણ વધુ વિશ્વમાંથી આતંકવાદ ખત્મ થાય એ માટે સૌ દેશ એ સત્તાની કે મહા સત્તાની લાલચ માંથી બહાર આવી વૈશ્વિક શાંતિ માટે વિચારવું પડશે, વસુધૈવ કુટુંબની ભારતીય મૂળની પરંપરાને જીવિત કરવી પડશે, અને સૌ સાથે પરિવાર જન જેવો ભાવ રાખવો પડશે. ૨૮ નવેમ્બરની વહેલી સવારે મુંબઈ પોલીસ તથા સુરક્ષા દળો દ્વારા તાજ હોટેલની આજુ બાજુ કડક સુરક્ષા ગોઠવી દેવાઈ હતી. બીજે દિવસે, ૨૯ નવેમ્બરના રોજ રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડસ દ્વારા શેષ રહેલા આતંકવાદીઓને ઠાર કરવા ઓપરેશન બ્લેક ટોર્નેડો હાથ ધર્યું.

જેના પરીણામ રુપે બધા જ આતંકવાદીઓને મારી નખાયા. હુમલાનો એક માત્ર જીવીત આતંકવાદી, અજમલ કસાબ દ્વારા જાહેર કરવામાં આવ્યુ કે તેઓ પાકિસ્તાનના લશ્કર એ તોયબા સંગઠનના સભ્યો હતા. બાદમાં સુપ્રીમ કોર્ટે અજમલ કસાબને ફાંસીની સજા આપી.આ આખાં ઓપરેશનમાં ત્રણ પોલીસ કમિશનર અને એક પોલીસ ઈન્સ્પેક્ટર શહીદ થયાં અને બાદમાં તેમને અશોક ચક્ર ની પદવી એનાયત કરવામાં આવી. હેમંત કરકરે મુંબઈ આતંકવાદ વિરોધી દળના વડા હતા. તેઓએ ૧૯૮૨ થી ૨૦૦૮ સુધી પોતાની ફરજ બજાવી અને ૨૦૦૮ ના મુંબઈ આતંકી હુમલા દરમિયાન છાતીમાં ત્રણ ગોળી વાગતાં શહીદ થયા હતા.

તેમને ૨૬ જાન્યુઆરી ૨૦૦૯ ના રોજ અશોક ચક્ર મૃત્યુપર્યંત એનાયત કરાયો હતો.

અશોક કામ્ટે મુંબઈ પોલીસના પૂર્વ વિભાગ અધિક પોલીસ કમિશ્નર હતા. તેઓ ૨૦૦૮ મુંબઈ હુમલા દરમિયાન આતંકવાદીઓ વિરોધી કાર્યવાહીમાં શહીદ થયા હતા. તેમને વીરતા માટે ભારતનો શાંતિકાળનો સર્વોચ્ચ પુરસ્કાર અશોક ચક્ર એનાયત કરાયો હતો.તુકારામ ઓમબ્લે પણ ૧૯૯૧ મા મુંબઈ પોલીસમાં મદદનીશ સબ ઈન્સપેક્ટર તરીકે નિયુક્ત હતા. તેઓ ૧૯૫૪ મા ભારતીય ભૂમિ સેના માંથી નિવૃત્ત થયા બાદ પોલીસમાં જોડાયા હતા. તેઓ પણ ૨૦૦૮ મુંબઈ આતંકી હુમલા દરમિયાન ગિરગામ ચોપાટી, મુંબઈ ખાતે આતંકવાદીઓ વિરુદ્ધની કાર્યવાહીમાં શહીદ થયા હતા.

તેઓએ હુમલામાં સંડોવણી ધરાવતા આતંકવાદી અજમલ કસાબને જીવિત પકડવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. પાછળથી અજમલ કસાબ પર ખટલો ચાલ્યો, અને તેને ફાંસી પર ચડાવાયો હતો. આ સાહસ, નિસ્વાર્થતા અને સર્વોચ્ચ બલિદાન માટે ઓમ્બલેને ભારત સરકારે અશોક ચક્ર વડે મૃત્યુપર્યંત નવાજ્યા હતા. ૨૬/૧૧ ૨૦૦૮ ના આ સિરિયલ બ્લાસ્ટ વિશે સર્ચ કરતી હતી તો ઘણી એવી વાત જાણવા મળી કે જે ખરેખર આપણને સમગ્ર ટાટા ગૃપ માટે પ્રાઉડ ફીલ કરાવે.

વિશેષ

લેખક : શિલાદિત્ય સેન

**આ વર્ષે ભારતીય ડેબ્યૂ ડાયરેક્ટર્સને એવોર્ડ આપવાની કેટેગરી શરૂ થઇ ગઇ છે.**

**આ વર્ષે પણજી ખાતે ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઇન્ડિયા (આઇએફએફઆઇ)ના પ્રથમ દિવસે ‘ઓલ વી ઇમેજિન એઝ લાઇટ’ દર્શાવવામાં આવી હતી. મૃણાલ સેનની ફિલ્મ ‘ખારિજ’ને ૧૯૮૩માં કાન્સમાં જ્યુરી પ્રાઇઝ મળ્યું હતું.**

# IFFI... ડાઉન મેમરી લેન

**ફેસ્ટિવલના આયોજકોએ કુશળ દિગ્દર્શકોના ઉભરતા ફિલ્મ નિર્માતાઓને માર્ગદર્શન આપવા માટે એક નવો કાર્યક્રમ પણ શરૂ કર્યો છે.**

પાયલ કાપડિયાની આ ફિલ્મ માટે આઈનોક્સની સામે સર્પાકાર કતાર લાગી છે, મારી પાછળ બીજા ઘણા લોકો ઉભા છે. આ વર્ષે પણજી ખાતે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા (આઈએફએફઆઇ)ના પ્રથમ દિવસે ‘ઓલ વી ઈમેજિન એઝ લાઈટ’ દર્શાવવામાં આવી હતી. મૃણાલ સેનની ફિલ્મ ‘ખારિજ’ને ૧૯૮૩માં કાન્સમાં જ્યુરી પ્રાઈઝ મળ્યું હતું. અને તેના ચાલીસ વર્ષ પછી, પાયલે ફરીથી આગામી ભારતીય દિગ્દર્શક બનીને ઈતિહાસ રચ્યો હતો, જેણે આ વર્ષે કાન્સમાં મહત્વપૂર્ણ ગ્રાન્ડ પ્રિક્સ જીત્યો હતો. જીવનના વિવિધ ક્ષેત્રોમાંથી આવતા લોકો આટલી વહેલી સવારે ૯ વાગ્યે મૂવી જોવા માટે એકઠા થયા છે. તેઓ ભારતના વિવિધ ભાગોમાંથી ગોવાની યાત્રા કરી ચૂક્યા છે, યુવાનોથી લઈને વૃદ્ધાવસ્થામાં પગ મૂકનારા લોકો સુધી. કદાચ તેઓ જાગ્યા પછી સીધા થિયેટરમાં આવ્યા હોય, અને નાસ્તો પણ બરાબર ન કર્યો હોય!

આ પળ મારી યાદદાસ્તની દોડને ત્રીસ વર્ષ પહેલાંની, ૧૯૯૫ની સાલમાં, જ્યારે તે સમયના મુંબઈમાં ઈફ્ફીનું આયોજન કરવામાં આવ્યું હતું તે દરમિયાનની હતી. માસ્ટર ફિલ્મ મેકર ફેડરિકો ફેલિનીની ફિલ્મો, જેનું હમણાં જ અવસાન



થયું હતું, તે વર્ષે ફેસ્ટિવલમાં દરરોજ સવારે પ્રદર્શિત કરવામાં આવતી હતી. એક પશ્ચાદવર્તી વિભાગ ફેલિનીની ફિલ્મોને સમર્પિત કરવામાં આવ્યો હતો. હું તે સમયે એક યુવાન પત્રકાર અને સિનેમા પ્રેમી હતો. સિનેમાના શોખથી પ્રેરાઈને હું સાન્તાક્રુઝથી ચર્ચગેઈટ સુધીની ગીચ લોકલ ટ્રેનમાં ચડતો અને પછી ઝડપથી નરીમાન પોઈન્ટ તરફ જતી બસ પકડીને મરીન ડ્રાઈવના દૂરના છેડે આવેલા એનસીપીએ પહોંચી જતો.

જો કે તે સિનેમા હોલ ન હતો, પરંતુ એનસીપીએનું પ્રક્ષેપણ અદભૂત હતું. ઈલેક્ટ્રોનિક સબ-ટાઈટલ મેં પહેલી જ વાર જોયું હતું! ફેલિનીની આ ફિલ્મમાં આજુર સમુદ્રના મનમોહક દ્રશ્યો, ત્યારબાદ સ્ક્રીનિંગના અંતે મરીન ડ્રાઈવનો અદભૂત સી-ફ્રન્ટ, સાથે કટિંગ ચાય અને પાઉંભાજી... ઈફ્ફી મારા જેવા ફિલ્મપ્રેમીઓ માટે પૃથ્વી પરનું સ્વર્ગ જ ઉતારી શકે તેમ છે! અને હવે, જ્યારે અન્ય એક દરિયાકિનારે આવેલું શહેર પણજી આ ફિલ્મ ફેસ્ટિવલનું કાયમી સ્થળ બની ગયું છે, ત્યારે સારી ફિલ્મો જોવાનો ઉત્સાહ પણ ઓછો થયો નથી!

આ ફેસ્ટિવલમાં મેં પહેલી જ વાર પીઆઈબીના પ્રેસ-કાર્ડ સાથે ફિલ્મો જોઈ હતી. પીઆઈબીના એક્રેડિટેશન કાર્ડના સૌજન્યથી હું હજી પણ આ ફેસ્ટિવલમાં ફિલ્મો જોવાનું ચાલુ રાખું છું. એક કે બે વર્ષને બાદ કરતાં, મારા પિતાના નિધન અને કોવિડ -૧૯ જેવા વ્યક્તિગત કારણોસર સિવાય, હું ત્યારથી ક્યારેય ઈફ્ફી ચૂક્યો નથી. ઈફ્ફીએ મારા માટે સિનેમાની આખી દુનિયા ખોલી છે. આ ઉત્સવે મારામાં વધુ સારી ફિલ્મો જોવાની એટલી બધી તૃષ્ણા પેદા કરી કે, આજે પણ, તે મને સિનેમાના પ્રેમ માટે વિશ્વની મુસાફરી કરાવે છે.

જે શહેરમાં મારો જન્મ થયો હતો તે શહેર કોલકાતાએ બે જગવિખ્યાત ફિલ્મ નિર્માતાઓ - સત્યજિત રે અને મૃણાલ સેનનું નિર્માણ કર્યું છે. આ બે મહાનુભાવોએ આપણને શીખવ્યું છે કે સિનેમાની કળા હંમેશાં પ્રાદેશિકવાદથી ઉપર ઊઠવી જોઈએ અને રાષ્ટ્રીય અને સંભવતઃ વૈશ્વિક પરિપ્રેક્ષ્ય ધરાવતી હોવી જોઈએ.

તે સમયે આપણા વિશાળ દેશના વિવિધ શહેરોમાં આઈએફએફઆઈનું આયોજન કરવામાં આવશે. દરેક વૈકલ્પિક વર્ષે તેનું સ્થળ દિલ્હી જ રહેતું, જ્યારે તેની વચ્ચે આ તહેવાર મુંબઈ, ત્રિવેન્દ્રમ, હૈદરાબાદ, કલકત્તા જેવાં શહેરોમાં જતો. આ રીતે તે આગળ વધતું હતું. ૨૦૦૪થી, સુંદર રાજ્ય ગોવાને ઈફ્ફી માટે કાયમી સ્થળમાં ફેરવી દેવામાં આવ્યું છે. ત્યારથી, સિનેમાના રસિયાઓને પણ સ્ક્રીનિંગની વચ્ચે તાજા દરિયાઈ પવન સાથે આવકારવામાં આવે છે. કાલા એકેડમીની પાછળ જ આ સમુદ્ર છે, જ્યાં વર્ષોથી ફેસ્ટિવલમાં ઘણી સારી ફિલ્મો દર્શાવવામાં આવી છે. હવે તે સ્થળને એક સેમિનાર હોલમાં ફેરવી નાખવામાં આવ્યું છે, જ્યાં ફિલ્મ વ્યાવસાયિકો અને વિદ્વાનો સિનેમાના સૈદ્ધાંતિક પાસાઓ પર વાર્તાલાપ કરે છે. ગંભીર મૂવીઝર્સ માટે વિવિધ જાહેર પ્રવચનો ગોઠવવામાં આવે છે. સિનેમા માત્ર મનોરંજન જ નથી કરતું, પરંતુ આપણા નૈતિક મૂલ્યોને શિક્ષિત અને આકાર પણ આપે છે. આઈએફએફઆઈએ અડધી સદી સુધી, વર્ષોવર્ષ આ દિશામાં એક નક્કર પ્રયાસ કર્યા છે. ફેસ્ટિવલના આયોજકોએ કુશળ દિગ્દર્શકોના ઉભરતા ફિલ્મ નિર્માતાઓને માર્ગદર્શન આપવા માટે એક નવો કાર્યક્રમ પણ શરૂ કર્યો છે. આ વર્ષે ભારતીય ડેબ્યૂ ડાયરેક્ટર્સને એવોર્ડ આપવાની કેટેગરી શરૂ થઈ ગઈ છે. આ પહેલ ચોક્કસપણે દેશની સિનેમા સંસ્કૃતિને ખીલવામાં મદદ કરી શકે છે.

(શિલાદિત્ય સેન વરિષ્ઠ પત્રકાર, ફિલ્મ વિવેચક અને વિદ્વાન, વિવિધ આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવોમાં જ્યુરી મેમ્બર છે અને તેમણે લોકપ્રિય સિનેમાના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ફિલ્મો, ફિલ્મ હસ્તીઓ અને સામાજિક-સાંસ્કૃતિક પાસાઓ પર પુસ્તકો લખ્યા છે)

# યુગ ગમે તે હોય પણ બુદ્ધિ તેમની પાસે ગમે તે કામ કરાવી શકે છે એ યાદ રાખવું

**આજે ૯૦૦૦ વર્ષ પછી પણ ભગવાન શ્રીરામની એટલી જ લોકપ્રિયતા છે, અને હિન્દુ રાષ્ટ્ર માટે જય શ્રીરામનો નારો પણ પ્રચલિત છે**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. યુગ ગમે તે હોય પરંતુ માનવીની માનસિકતા બરાબર ન હોય તો, તેની બુદ્ધિ તેની પાસે ખોટા કામ કરાવે છે. દરેક વખતે એવું જરૂરી નથી હોતું કે કોઈ વસ્તુનો અભાવ કે વ્યક્તિના વિશ્વાસઘાત ને કારણે જ માનવી વિકૃત બને છે. ઘણીવાર તો પુષ્કળ એશ્વર્ય અને અપાર પ્રેમ પણ ભૂલ કરાવે છે,જેમકે રામાયણ માં કૈકેયીને ક્યાં ધનની કમી હતી,કે પતિએ વિશ્વાસઘાત કર્યો હતો! ઘણીવાર આ બધું ઉપરછલ્લું જોઈએ તો એવું લાગે કે ૯૦૦૦ વર્ષ પહેલા પણ સમાજની માનસિકતા આવી હતી, અને આજે પણ આવી જ છે! એમાં કંઈ બહુ ફેર નથી પડ્યો. પરંતુ એક વાતની નોંધ લેવી પડે અને એ છે ભગવાન પ્રભુ શ્રી રામનું ચરિત્ર, કે જે માત્ર ને માત્ર લોકકલ્યાણ માટે જન્મ્યાં હતાં. આજે ૯૦૦૦ વર્ષ પછી પણ ભગવાન શ્રીરામની એટલી જ લોકપ્રિયતા છે, અને હિન્દુ રાષ્ટ્ર માટે જય શ્રીરામનો નારો પણ પ્રચલિત છે. કોઈપણ કહાની કે વાર્તા હોય એમાં જો કોઈની હીરોની ઈમેજ ઊભી કરવી હોય તો, કોઈને કોઈ વિલન દર્શાવવું પડે. પ્રભુ શ્રી રામની બીજી માતા કૈકેયી, તો આજે આપણે ચિંતનમાં એના વિશે થોડી વાત કરીશું.

રાજા દશરથની માનીતી રાણી તરીકે સુપ્રસિદ્ધ એવાં કૈકેયી એ એ ખૂબ જ બુદ્ધિશાળી અને સારા યોદ્ધા હતાં, અને માટે જ એ માનીતી રાણી બન્યા એમ પણ કહી શકાય. આમ તો રાણી કૈકેયીનું ચરિત્ર રામાયણમાં વિલનની ભૂમિકા માટે પ્રખ્યાત છે, અને તેનું નામ પડતાં જ લોકોના મોઢા બગડે છે. સૌ કોઈ વિચારે છે કે આવી તે કોઈ મા હોય? કે પછી સ્ત્રી હોય? પરંતુ આ તો એક અવતાર લીલા છે, અને અહીં પ્રભુની લીલા માટે ભલભલાની બુદ્ધિ ભ્રમિત કરી અને લીલા કર્મ કરવા આવ્યા હતાં. કૈકેયીનો ઈતિહાસ પણ આની માટે થોડો કારણરૂપ છે.



રાજા અશ્વપતિની પુત્રી કૈકેયી. રાજા અશ્વપતિએ કૈકેયીનાં જન્મ પછી એની માતા પુત્રને જન્મ આપી શકી નહીં, માટે તેનો ત્યાગ કર્યો હતો, અને આ રીતે કૈકેયીનો ઉછેર મા વગર થયો હતો. રાજા અશ્વપતિએ તેના ઉછેર માટે મંથરા નામની દાસી રાખી હતી. એકવાર રાજા દશરથ અશ્વપતિના મહેલમાં મહેમાન બન્યાં. સ્વાભાવિક રીતેજ દશરથની લોકપ્રિયતા અને પ્રસિદ્ધિથી વધુ હોવાથી રાજા અશ્વપતિનાં મહેલમાં તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું, અને તેની સરભરામાં ખુદ કૈકેયી પણ સામેલ હતાં. રાજા દશરથ તેની બુદ્ધિ પ્રતિભા, તેમજ સુંદરતાથી આકર્ષિત થઈ ગયાં, અને તેમણે ત્યાં જ વિવાહનો પ્રસ્તાવ રાખ્યો.

પરંતુ અશ્વપતિએ રાજા વિવાહિત હોવાથી લગ્નનો પ્રસ્તાવ નામંજૂર કર્યો, પરંતુ બાદમાં કહ્યું કે જો મારી પુત્રીના પુત્રને જ રાજગાદી મળે એવું વચન રાજા આપે, તો જ લગ્ન થઈ શકે. રાજા દશરથ એ પણ રાણી કૌશલ્યાને કોઈ પુત્ર ન હોવાથી વચન આપી દીધું, અને આમ કૈકેયી રાજા દશરથના માનીતી રાણી બન્યાં. પરંતુ વિધિનાં ખેલ જુઓ રાણી કૈકેયીને પણ પુત્ર થયો નહીં, અને રાજા દશરથ એ પુત્ર માટે સુમિત્રા સાથે ત્રીજા લગ્ન કર્યા, પણ અફસોસ તોય રાજા દશરથને પુત્ર પ્રાપ્તિ થઈ નહીં. પરબ્રહ્મ તરીકે શ્રી રામને જોઈએ નહીં તો રાજા દશરથની પુત્ર ઘેલછાને કારણે જ આવું બધું થયું એવું પણ કહી શકાય! ખેર રાણી કૈકેયી તો પતિની માનીતી રાણી બની પિતાનું આ વચન ભૂલી ગયા હતાં, તેને મને ભરત તથા રામમાં કોઈ ભેદ હતો નહીં, તે કૌશલ્યાના પુત્ર રામને પણ અતિ પ્રેમ કરતા હતાં, અને તેના રાજ્યાભિષેકથી અતિ પ્રસન્ન હતાં. પરંતુ રામનો રાજ્યાભિષેક થઈ જાય તો, એ સમયનાં સમાજના નાનામાં નાના માણસ સુધી ભગવાન કઈ રીતે પહોંચી શકે? માત્ર અયોધ્યાની પ્રજા પ્રભુ શ્રીરામના દર્શનનો લાભ લઈ શકે, અને રાવણ જેવા દાનવનું મૃત્યુ પણ કંઈ રીતે શક્ય બને??માટે મંથરાની બુદ્ધિ ભ્રમિત થઈ, અને તેણે રાણી કૈકેયીને ચડાવી. એકવાર સરભંગ નામના દાનવથી ઈન્દ્રલોક અસુરક્ષિત હતું, ત્યારે યુદ્ધમાં સાથે ગયેલા રાણી કૈકેયી એ રથનું પૈડું નીકળી જતા ત્યારે બે વરદાન આપ્યા હતાં જેને કારણે પ્રભુ શ્રી રામ પોતાનું અવતાર કાર્ય કરી શક્યા.



Cyber Octet™

CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

**WHY JOIN CYBER OCTET ?**

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

**ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)**

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

# MPના આ સ્થળોએ ફરવા જવાનો બનાવો પ્લાન, વિદેશમાં હોવ તેવો થશે અનુભવ

જબલપુર, મધ્ય પ્રદેશના તે ફેમસ શહેર પૈકીનું એક છે જેને તેના સંગેમરમરના સુંદર ખડકો માટે ઓળખવામાં આવે છે. ત્યાં જાતભાતના ધોધ છે. આ સિવાય ત્યાં કેટલીક શ્રેષ્ઠ અને સુંદર ઈમારતો છે. ખાસ વાત એ છે કે તમે આ શહેરને 2 થી 3 દિવસની અંદર પણ ફરી શકો છો. આ સિવાય તમે ત્યાંથી જુદા-જુદા પ્રકારના સજાવટનો સામાન ખરીદી શકો છો. આ સિવાય તમે ત્યાં ફરવાની સાથે ટેસ્ટી પકવાનો અને અમુક ખાસ રેસિપીનો પણ આનંદ ઉઠાવી શકો છો.

## જબલપુરમાં ફરવાના સ્થળો




લોકો જબલપુર જાય એટલે ભેડાઘાટ જરૂર ફરવા જાય છે. ભેડાઘાટ એક પર્યટન સ્થળ છે જે ચમકતી સુંદર ખડકો માટે ફેમસ છે. આ નર્મદા નદીના કિનારે છે. આ ઘાટની ખાસિયત એ છે કે આ નર્મદા નદીના બંને કિનારા પર સંગેમરમરની 100 ફૂટ ઊંચી ખડક પર છે. ત્યાં ઘણી બોલીવુડ ફિલ્મોનું શૂટિંગ પણ થયુ છે. જેમ કે અશોકા અને મોહેં-જો-દડો. ત્યાં લોકો બોટરાઈડ કરે છે. ચોસઠ યોગિની મંદિર જાય છે.




ધૂંઆધાર ધોધ, ભેડાઘાટની નજીક એક આકર્ષક પર્યટન સ્થળ છે. આ ભેડાઘાટમાં નર્મદા નદી પર સ્થિત છે અને 10 મીટર ઊંચો છે. નર્મદા નદી, વિશ્વ પ્રસિદ્ધ સંગેમરમરની ખડકોથી થઈને પોતાનો રસ્તો બનાવે છે પછી તે ધૂંઆધાર નામના ધોધમાં પડે છે. આ દ્રશ્ય ખૂબ સુંદર હોય છે.




માર્બલ રોક્સ, જબલપુરના સૌથી સુંદર પર્યટક સ્થળો પૈકીનું એક છે. આ પણ ભેડાઘાટની આસપાસ જ છે. ત્યાં તમને સફેદ સંગેમરમરથી બનેલી ઘણી વસ્તુઓ જોવા મળી જશે. અહીં તમને આખું શહેર પથ્થરો પર કોતરેલું જોવા મળશે.

# શિયાળામાં વધી જાય છે હાડકાં અને સ્નાયુઓનો દુઃખાવો? સરળ ઉપાયથી તાત્કાલિક અસર દેખાશે

શિયાળાની ઋતુ લોકો માટે પીડાદાયક હોય છે. ઘણા લોકોને સ્નાયુ અને કરોડ રજ્જુનો દુઃખાવો વધી જાય છે. આ સમસ્યા ખાસ કરીને સ્ત્રીઓ અને વૃદ્ધ લોકોમાં વધુ જોવા મળે છે. આ અસહ્ય દુઃખાવાથી રાહત મેળવવા માટે તમે કેટલાક સરળ ઉપાય અપનાવી શકો.

### સ્ટ્રેચિંગની મદદથી સમસ્યા દૂર કરો

જો તમને સ્નાયુનો દુઃખાવો થતો હોય તો તમારે સ્ટ્રેચિંગ અને કસરત કરવી જોઈએ. જેના કારણે રક્ત પરિભ્રમણ વધી જશે, સ્નાયુઓને આરામ મળશે અને દુઃખાવો દૂર થશે.

### વજન પર નિયંત્રણ રાખો

શિયાળાની ઋતુમાં લોકોનો વજન વધી જાય છે. કારણકે આ ઋતુમાં લોકો તળેલું, ઘી વાળું અને મીઠી વસ્તુ વધુ પ્રમાણમાં ખાવું પસંદ કરે છે. જેની સીધી અસર તમારા વજન પર થાય છે. વજનનો પ્રભાવ સીધો સ્નાયુઓ પર પડે છે. જેના કારણે દુઃખાવો વધી જાય છે. તેથી તમારે તમારા આહારમાં ઓછા ફેટવાળી વસ્તુનું સેવન કરવું જોઈએ. આ સામે તમે લીલા શાકભાજી, ફળો, વગેરે હેલ્ધી વસ્તુઓનું સેવન કરી શકો. વધુ માત્રામાં પાણીનું સેવન કરવું જોઈએ. હુંફાળું પાણી પીવાનો પ્રયત્ન કરવો જોઈએ, જેથી રક્ત પરિભ્રમણ સુધરે.



**સ્નાયુનાં દુઃખાવાનું મુખ્ય કારણ** | શિયાળામાં સ્નાયુ અને સાંધાનો દુઃખાવો વધી જાય છે. તેનું એક કારણ છે સ્નાયુઓનું સંકોચન. સંકોચનનાં કારણે સ્નાયુઓ સખત થઈ જાય છે. જેના કારણે સ્નાયુઓનો દુઃખાવો વધી જાય છે. આ સાથે શિયાળામાં શરીરમાં રક્ત પરિભ્રમણ ધીમું પડી જાય છે. આ સાથે લોકો શિયાળામાં હલન-ચલન પણ ઓછું કરી દે છે. જેના કારણે સ્નાયુઓ અને સાંધાનો દુઃખાવો વધી જાય છે.

**ઘરેલુ ઉપાય પણ અસરકારક** | સ્નાયુ અને સાંધાનાં દુઃખાવાને ઓછો કરવા માટે તમે ઘરેલુ ઉપાય કરી શકો છો. નિયમિત રીતે રાયનાં તેલનું માલિશ કરો. આ તેલને ગરમ કરતી વખતે તેમાં 5/6 લસણની કળી ઉમેરો. ત્યારબાદ આ તેલથી સાંધા પર માલિશ કરો. નિયમિત રીતે પાણી સાથે 2/3 લસણની કળી ખાવાથી તમને દુઃખાવામાં રાહત થશે. 2/3 ચમચી હળદર લો અને તેમાં નાળિયેર તેલ ઉમેરી મિક્સ કરી લો. આ પેસ્ટને સાંધાનાં ભાગ પર માલિશ કરવાથી દુઃખાવામાં રાહત થશે.

# નસકોરાથી પરેશાન છો, તો અપનાવો આ 3 સરળ ઉપાય, અઠવાડિયામાં મળશે રાહત



વિશ્વભરમાં 25થી 30 ટકા લોકોને નસકોરાની સમસ્યા હોય છે, જેમાંથી 5માંથી 1 યુવા હોય છે. એટલે કે દેશનો દર ચોથો વ્યક્તિ આ સમસ્યાથી પીડિત છે. કેટલાંક લોકો આ સમસ્યાને મજાકમાં લેતા હોય છે, પણ આ કોઈ ગંભીર બીમારીની નિશાની હોઈ શકે છે. નસકોરાના કારણે જેટલી તકલીફ અન્ય લોકોને થતી હોય છે તેના કરતા વધુ તકલીફ નસકોરાથી પીડિત વ્યક્તિને થતી હોય છે. વાસ્તવમાં નસકોરાં લેવાનો અર્થ એ છે કે તમે નાકની અંદર કોઈ વિકૃતિથી પીડિત છો. કારણ કે માથું, મોં, દાંત, કાન અને આંખ બધું નાક સાથે જોડાયેલું છે. એટલા માટે નસકોરા એ માત્ર નાકની સમસ્યા નથી, તે નાક સાથે જોડાયેલ આ અંગોને લગતી સમસ્યાઓનો પણ સંકેત હોઈ શકે છે.

નસકોરાની સમસ્યા દુર કરવાના કેટલાંક આયુર્વેદિક ઉપાયો છે. આવો જાણીએ આ સરળ અને અસરદાર આયુર્વેદિક ઉપાયો વિશે.

### 1.નાકમાં નાખવું જોઈએ ગાયનું ઘી

ગાયના ઘીના બે ટીપાં સવારે અને રાત્રે નાકમાં નાખવાથી સારી ઊંઘ આવે છે. આ સાથે માથાનો દુઃખાવો, તણાવ, માઈગ્રેન વગેરે કારણોથી રાહત મળે છે. ગાયનું ઘી નાખવાથી રોગપ્રતિકારક ક્ષમતામાં પણ વધારો થાય છે અને એલર્જી ઓછી થાય છે. એટલું જ નહીં, યાદશક્તિ અને માનસિક સ્વાસ્થ્યમાં પણ સુધારો થાય છે. આ પ્રક્રિયા 21 દિવસથી 3 મહિના સુધી કરવાની રહેશે.

### 2. મોલેક્યુલર તેલ

જો તમે ગાયના ઘીનો ઉપયોગ નથી કરવા માંગતા તો તેની જગ્યાએ મોલેક્યુલર તેલનો ઉપયોગ કરી શકો છો. આ એક આયુર્વેદિક તેલ છે જેનો તમે નસ્ય થેરેપી માટે ઉપયોગ કરી શકો છો. પરંતુ આ કરતા પહેલા ડોક્ટરની સલાહ જરૂર લેવી.

### 3.નસ્ય થેરેપી ઓટો-ઇમ્યુન ડિસઓર્ડરની સમસ્યાને દૂર કરશે

નસ્ય થેરેપી ઓટો ઈમ્યુન ડિસઓર્ડરમાં પણ ખૂબ અસરકારક સાબિત થાય છે. આ સિવાય નસ્ય થેરેપી ઓટો ઈમ્યુન થાઈરોઈડ, રૂમેટીઇડ અર્થરાઈટીસ, મલ્ટીપલ સ્કેલેરોસીસ જેવી બીમારીઓથી પણ બચાવે છે.

# બાળકોને હેલ્ધી રાખવા માટે બાળપણથી જ શીખવાડો આ 5 વસ્તુઓ

બાળકોનું માનસિક આરોગ્ય આપણી આગામી પેઢીના સ્વસ્થ ભવિષ્યની ચાવી છે પરંતુ વર્તમાન સમયમાં બાળકોમાં માનસિક તણાવ ઝડપથી વધી રહ્યો છે. જે એક ગંભીર સમસ્યા બનતી જઈ રહી છે. જેના ઘણા કારણ હોઈ શકે છે જેમ કે ભણતરનું દબાણ, માતા-પિતાની વધુ આશા, માતા-પિતાનું અલગ થવુ, ભાગદોડ ભર્યું જીવન અને સોશિયલ મીડિયાના કારણે બાળકો ગભરામણ, નકારાત્મકતા અને એકલતાનો શિકાર થઈ રહ્યા છે. દરમિયાન બાળકોને કંઈક એવી બાબતો બાળપણથી જ શીખવાડવામાં આવે જેનાથી તેમની મેન્ટલ હેલ્થ સ્ટ્રોંગ થઈ શકે કેમ કે બાળપણ એક એવો સમય હોય છે જ્યારે બાળકોના મગજનો ઝડપથી વિકાસ થાય છે. આ ઉંમરમાં તેમને અમુક વસ્તુઓ શીખવાડવામાં આવે તો તેઓ ઝડપથી શીખી લે છે.



### મ્યૂઝિક શીખવાડો

મ્યૂઝિક શીખવાડવુ બાળકો માટે ખૂબ લાભદાયી હોય છે. આ તેમના મગજના વિકાસમાં મદદ કરે છે અને તેમને ઘણા પ્રકારની સારી ટેવો શીખવાડે છે. જ્યારે બાળકો કોઈ સંગીત વાદ્યયંત્ર વગાડે છે તો તેમનું ધ્યાન સંપૂર્ણપણે તેની પર કેન્દ્રિત થઈ જાય છે. તેઓ લાંબા સમય સુધી એક જ બાબત પર ફોકસ કરી શકે છે. તેનાથી તેમની મેમરી મજબૂત થાય છે અને મગજ ઝડપી થાય છે.

### ડાન્સ શીખવાડો

જ્યારે બાળકો ડાન્સ કરે છે તો તેમને મૂવમેન્ટને સમજવી પડે છે અને સંગીતની ધૂનની સાથે પોતાના શરીરના અંગોને કો-ઓર્ડિનેટ કરવુ પડે છે. આ તેમના મગજ અને શરીર બંનેને જ એક્ટિવ રાખે છે. તેનાથી તેમનુ મગજ ઝડપી બને છે.

### સ્પોર્ટ્સ શીખવાડો

બાળકોને સ્પોર્ટ્સ શીખવાડવુ ખૂબ જરૂરી હોય છે કેમ કે આ તેમના શારીરિક અને માનસિક વિકાસ બંને માટે ફાયદાકારક છે. સ્પોર્ટ્સના બાળકોનું મગજ તેજ હોય છે. સ્પોર્ટ્સમાં બાળકોને રમતના નિયમો, રણનીતિ બનાવવી અને સ્પર્ધકની ચાલની સમજવાની જરૂર પડે છે. આ બધુ તેમના મગજને એક્ટિવ કરે છે. તે ઝડપથી નિર્ણય લેતા શીખે છે. સાથે જ શારીરિક વ્યાયામ તેમના મગજમાં બ્લડ સર્ક્યુલેશન વધારે છે જેનાથી તેમની એકાગ્રતા, સમસ્યા હલ કરવાની ક્ષમતા અને મેમરી પાવરમાં સુધારો થાય છે.

### ડ્રોઈંગ શીખવાડો

બાળકો માટે આર્ટ એક્ટિવિટી જેમ કે ડ્રોઈંગ અને કલરિંગ કરવા ખૂબ જ જરૂરી છે. આ બાળકોના મગજના વિકાસમાં પણ મદદ કરે છે. જ્યારે બાળકો કોઈ ચિત્ર બનાવે છે કે રંગ ભરે છે તો તેમનુ પૂરુ ધ્યાન તેની પર લાગેલુ રહે છે. તેઓ એકાગ્ર થઈને લાંબા સમય સુધી તે કામમાં વ્યસ્ત રહે છે. તેનાથી તેમની ફોકસ કરવાની ક્ષમતા વધે છે.

### ગાર્ડનિંગ શીખવાડો

ગાર્ડનિંગથી બાળકો દરરોજની સારસંભાળ, ધીરજ અને પરિશ્રમ શીખે છે જે ભવિષ્યમાં તેમના માટે ખૂબ લાભદાયી હોય છે.

# પોષક તત્વોથી ભરપૂર છે મીઠો લીમડોઃ વાળની અનેક સમસ્યાઓ કરે છે દૂર, આ રીતે કરો ઉપયોગ



વાળની સારી વૃદ્ધિ માટે જરૂરી છે કે તેને પૂરતું પોષણ મળે. મીઠા લીમડામાં એવા અનેક પોષક તત્વો હોય છે જે વાળ માટે ખૂબ જ ફાયદાકારક હોય છે. તેમાં વિટામિન C, એન્ટીઑકિસડન્ટ, વિટામિન B, પ્રોટીન વગેરે પર્યાપ્ત માત્રામાં મળી આવે છે. તે સરળતાથી વાળના સેલ્યુલર પુનર્જીવનમાં મદદ કરે છે અને માથાની ચામડીના રક્ત પરિભ્રમણને સુધારે છે જેનાથી તેને સ્વસ્થ રાખવામાં મદદ મળે છે. તેનાથી વાળનો સંપૂર્ણ વિકાસ થાય છે અને વાળની વૃદ્ધિ માટે પણ તે ખૂબ જ ફાયદાકારક હોય છે. તો ચાલો જાણીએ કે તમે વાળને હેલ્ધી રાખવા અને ગ્રોથ વધારવા માટે તેનો કેવી રીતે ઉપયોગ કરી શકો છો.

**હેર ટોનિક:** વાળને મજબૂત બનાવવા માટે તમે એક પેનમાં 3થી 4 ચમચી નારિયેલનું તેલ નાખો અને તેમાં એક મુઠ્ઠી મીઠો લીમડો ઉમેરો. તેને ત્યાં સુધી ગરમ કરો જ્યાં સુધી મીઠા લીમડાના પત્તા કાળા ન થઈ જાય. હવે ગેસ બંધ કરો અને આ મિશ્રણને ઠંડુ થવા દો. હવે તેને મેશ કરીને અને વાળમાં મૂળમાં લગાવી દો. હવે 1 કલાક પછી વાળને શેમ્પૂથી ધોઈ લો. વધુ સારા રિઝલ્ટ માટે તમે જોજોબા ઓઈલનો ઉપયોગ કરો.

**હેર માસ્ક:** એકથી બે ચમચી દહીંમાં એક મુઠ્ઠી મીઠો લીમડો મિક્સ કરીને તેની પેસ્ટ બનાવો. તમે તમારા વાળ પ્રમાણે તેની માત્રા વધારી કે ઘટાડી શકો છો. હવે આ પેસ્ટને વાળમાં સારી રીતે લગાવો અને સ્કેલ્પ પર પણ લગાવો. અડધા કલાક પછી વાળને સારી રીતે ધોઈ લો. જો તમે તેને અઠવાડિયામાં બે વાર લગાવશો તો વાળ નરમ અને સ્વસ્થ બનશે.

**આહારમાં સામેલ કરો:** જો તમે મીઠા લીમડાને ડાયટમાં સામેલ કરશો તો મૂળ વધુ સ્વસ્થ અને મજબૂત બનશે. તેના માટે તમે તેના પાઉડરનો ઉપયોગ ભાત કે કઢીમાં કરી શકો છો. જો તમે ઈચ્છો તો તેને છાશ, ચટણી વગેરેમાં નાખીને આહારમાં સામેલ કરી શકો છો. તમે મીઠા લીમડાના પત્તાનો ઉપયોગ અન્ય ઘણી રીતે પણ કરી શકો છો. જો તમે આહારમાં કે વાળની સંભાળમાં મીઠા લીમડાના પત્તાનો સમાવેશ કરશો તો તેનાથી માથાની રક્તની નસો સુધરી જશે, વાળના ફ્રિઝી થવાની સમસ્યા દૂર થશે, ડેન્ડ્રફ નહીં થાય, વાળ કાળા થશે અને બીજી ઘણી સમસ્યાઓ સરળતાથી દૂર થઈ જશે.

# શું તમે પણ તમારી મેકઅપ કિટ અન્ય સાથે શેર કરો છો? તો થઈ જજો સાવધાન

મેકઅપ કરતી વખતે ઘણી વખત તમે જોયુ હશે કે લોકો એક જ બ્રશથી દરેકનું ટચઅપ કરી દે છે. ઓફિસમાં કે ઘરમાં પણ આપણે આપણી મેકઅપ કિટ શેર કરીએ છીએ પરંતુ આવુ કરવુ અયોગ્ય છે. અમુક હદ સુધી શેરિંગ તમે એ વસ્તુઓનું કરી શકો છો જે ટ્યૂબમાં હોય કે જેને કાઢીને અલગથી લગાવી શકાય. પરંતુ જે વસ્તુઓને તમે ડાયરેક્ટ અપ્લાય કરી છે તે તમારા માટે સમસ્યાઓનું ઘર બની શકે છે. દરમિયાન તમારે ધ્યાન રાખવુ જોઈએ કે તમે ડાયરેક્ટ ઉપયોગ થનારી વસ્તુઓને શેર ન કરો.

## મેકઅપ શા માટે શેર કરવો જોઈએ નહીં



**મેકઅપની આ વસ્તુઓને શેર કરો નહીં** | મેકઅપમાં ખાસ કરીને મસ્કરા, આઈશેડો અને આઈલાઈનર શેર કરવાથી આંખોમાં સંક્રમણ થઈ શકે છે. આ સિવાય ફેસ પાઉડર, લિપસ્ટિક અને મેકઅપ બ્રશ શેર કરવા પણ તમારા માટે નુકસાનકારક હોઈ શકે છે. તેથી આ ડાયરેક્ટ કોન્ટેક્ટ વાળી વસ્તુઓને શેર કરવી જોઈએ નહીં.

### 1. ઈન્ફેક્શનનું જોખમ

મેકઅપ શેર કરવાથી ઈન્ફેક્શનનું જોખમ થઈ શકે છે. જેમ કે આઈ ઈન્ફેક્શન કે પછી સ્કિન ઈન્ફેક્શન જે મેકઅપ શેરિંગ દ્વારા સરળતાથી શેર થઈ શકે છે. જેમ કે કાજલ દ્વારા કે કોઈ મેકઅપ બ્રશ દ્વારા અન્યની સ્કિનમાં થતી મુશ્કેલી તમારી સ્કિન સુધી પહોંચી જાય છે.

### 2. હોઠમાં દાણા

જો તમે લિપસ્ટિક શેર કરો છો તો તમારા હોઠ પર ઈન્ફેક્શન થઈ શકે છે. જેમ કે તમારા હોઠ પર દાણા થઈ શકે છે કે પછી ફોલ્લીઓ થઈ શકે છે. આ સિવાય હોઠની આસપાસની સ્કિન પણ પ્રભાવિત થઈ શકે છે અને આ ગંભીરરૂપ લઈ શકે છે.

### 3. સ્કિનની બીમારીઓ

મેકઅપ દ્વારા ફંગલ ઈન્ફેક્શન ઝડપથી ફેલાઈ શકે છે. આ સિવાય શેરિંગનું જોખમ એક બાબત પર પણ છે કે તમે જાણતા નથી કે પ્રોડક્ટ્સનું શેરિંગ તમારા સિવાય કયા-કયા લોકો સાથે થયુ છે. દરમિયાન તમે બેક્ટેરિયા અને ફંગસને પણ શેર કરો છો અને કારણ વિના ઘણી સમસ્યાઓના શિકાર થઈ શકો છો.

# શિયાળામાં ગોળ છે સુપરફુડ, શરીરને થશે 5 જબરદસ્ત ફાયદા

શિયાળાની કડકડતી ઠંડીમા લોકો પોતાના સારા આરોગ્ય માટે વહેલી સવારે યોગ-પ્રાણાયમ કરે છે. તેમજ લીલા શાકભાજી અને ફળો આરોગે છે. શિયાળાના સમયમાં ગોળ ખાવાથી પણ અનેક ફાયદા થાય છે. ઠંડા વાતાવરણમાં ખાલી પેટે ગોળ ખાવાથી ઘણા ફાયદા થાય છે.

### 1. બ્લડ પ્રેશર

ગોળમાં કેલ્શિયમ, ફોસ્ફરસ, મેગ્નેશિયમ, પોટેશિયમ, આયર્ન સહિત અનેક પોષક તત્વો મળી આવે છે. આ સિવાય ગોળ એન્ટીઓક્સીડેન્ટ અને બળતરા વિરોધી ગુણોથી ભરપૂર હોય છે. બ્લડ પ્રેશરના દર્દીઓ માટે ગોળનું સેવન ખૂબ જ ફાયદાકારક છે. રોજ ખાલી પેટે ગોળ ખાવાથી બ્લડપ્રેશર કંટ્રોલમાં રહે છે.તે પોટેશિયમનો સારો સ્ત્રોત માનવામાં આવે છે.

### 2. એનિમિયા

ગોળમાં આયર્ન અને ફોલેટ પુષ્કળ પ્રમાણમાં મળી આવે છે. જે લોકોના શરીરમાં એનિમિયા હોય તેમણે ખાલી પેટે ગોળનું સેવન કરવું જોઈએ. તેના સેવનથી શરીરમાં આયર્નની ઉણપ પણ દૂર થાય છે.

### 3. હાડકાં મજબૂત બને છે

ગોળમાંથી કેલ્શિયમ અને આયર્ન પણ મળે છે. તેનાથી હાડકા



મજબૂત થાય છે અને સાંધાના દુખાવામાં પણ રાહત મળે છે.જેનાથી હાડકા સંબંધિત કોઈ પણ બીમારીથી પીડિત લોકોએ ગોળનું સેવન કરવું જોઈએ.

### 4. આળસ દૂર થાય છે

ગોળમાંથી મળતી કાર્બોહાઈડ્રેટ શરીરમાંથી આળસ અને થાક દૂર કરે છે અને ઈન્સ્ટન્ટ એનર્જી આપે છે. રોજ ખાલી પેટે ગોળ ખાવાથી દિવસભર એનર્જી જળવાઈ રહે છે.

### 5. પેટ સંબંધિત રોગો

રોજ ગોળ ખાવાથી પેટ સંબંધિત બીમારીઓ જેવી કે અપચો, કબજિયાત, પેટનો દુખાવો દૂર રહે છે.આ વસ્તુઓનું સેવન કરવાથી રોગપ્રતિકારક શક્તિ વધે છે અને સાથે જ શરીરને ગરમી પણ મળે છે.

### સંસદનું શિયાળુ સત્ર

# મુઠ્ઠીભર લોકોની ગુંડાગીરી દ્વારા ગૃહને નિયંત્રિત કરવાનો પ્રયાસ : વડાપ્રધાન

## સંસદની ગતિવિધિઓ રોકવાથી તેમનો પોતાનો હેતુ સિદ્ધ થતો નથી. પરંતુ તેની આવી હરકતો જોઈને જનતા તેને નકારે છે

| નવીદિલ્હી,તા.૨૫ |

સંસદનું શિયાળુ સત્ર સોમવારથી શરૂ થઈ રહ્યું છે. સત્રની શરૂઆત પહેલા પીએમ મોદીએ સંસદ સંકુલમાંથી રાષ્ટ્રને સંબોધન કર્યું હતું. પીએમ મોદીએ કહ્યું કે પીએમ મોદીએ કહ્યું કે શિયાળુ સત્ર છે અને વાતાવરણ પણ ઠંડુ રહેશે. ૨૦૨૪નો આ છેલ્લો સમયગાળો છે, દેશ પણ ૨૦૨૫ને જોશ અને ઉત્સાહ સાથે આવકારવાની તૈયારીમાં વ્યસ્ત છે. સંસદનું આ સત્ર ઘણી રીતે ખાસ છે. સૌથી મોટી વાત એ છે કે આપણા બંધારણનો તેની યાત્રાના ૭૫મા વર્ષમાં પ્રવેશ એ પોતાનામાં જ લોકશાહી માટે ખૂબ જ ઉજ્જવળ તક છે.

પીએમ મોદીએ સંસદમાં સ્વસ્થ ચર્ચા કરવાની હાકલ કરી. પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, કમનસીબે પોતાના રાજકીય ફાયદા માટે, કેટલાક લોકો, જેમને જનતાએ નકારી કાઢ્યા છે, તેઓ મુઠ્ઠીભર લોકોની ગુંડાગીરી દ્વારા સંસદને પણ નિયંત્રિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. સંસદની ગતિવિધિઓ રોકવાથી તેમનો પોતાનો હેતુ સિદ્ધ થતો નથી. પરંતુ તેની આવી હરકતો જોઈને જનતા તેને નકારે છે. પીએમ મોદીએ કહ્યું કે જનતાએ આ લોકોને ૮૦-૯૦ વખત નકારી કાઢ્યા છે.

પીએમ મોદીએ કહ્યું કે જનતા આવા ગુંડાઓને સજા આપે છે. જનતા તેમને જોઈ રહી છે. આવા લોકો લોકશાહીનું સન્માન કરતા નથી. કેટલાક લોકો ન તો કામ કરે છે અને ન તો કામ કરવાની છૂટ છે. વિપક્ષે જનતાની ભાવનાઓનું સન્માન કરવું જોઈએ. વિપક્ષે જનતાની અપેક્ષાઓ પર ખરા ઉતરવું પડશે. કેટલાક વિપક્ષી સાંસદો તેમની જવાબદારીઓ નિભાવતા નથી. તેને લોકોની આકાંક્ષાઓની પરવા નથી. પીએમ મોદીએ કહ્યું કે વિશ્વ ભારત તરફ અપેક્ષાઓ સાથે જોઈ રહ્યું છે. હું આશા રાખું છું કે ચર્ચા કેટલાક અર્થપૂર્ણ પરિણામો આપશે.

---

### ૧૨મી સુધી શાળા-ઈન્ટરનેટ બંધ કરી દેવામાં આવ્યું

# સંભલમાં જામા મસ્જિદના સર્વે દરમિયાન ફાટી નીકળેલી હિંસામાં ૪ યુવકોના મોત

## હિંસામાં સીઓ અનુજ ચૌધરી અને એસપીના પીઆરઓને પગમાં ગોળી વાગી હતી । એસપી સહિત અન્ય ૧૫ પોલીસકર્મીઓ પણ ઘાયલ થયા

| સંભલ,તા.૨૫ |

સંભલમાં જામા મસ્જિદના સર્વે દરમિયાન ફાટી નીકળેલી હિંસામાં ચાર યુવકોના મોત થયા હતા. હિંસામાં સીઓ અનુજ ચૌધરી અને એસપીના પીઆરઓને પગમાં ગોળી વાગી હતી. એસપી સહિત અન્ય ૧૫ પોલીસકર્મીઓ પણ ઘાયલ થયા છે.હિંસા બાદ સંભલ તાલુકામાં આગામી ૨૪ કલાક માટે ઈન્ટરનેટ બંધ કરી દેવામાં આવ્યું છે. આવતીકાલે ૨૫ નવેમ્બરે ધોરણ ૧૨ સુધીની શાળાઓ બંધ રહેશે. ૧લી ડિસેમ્બર સુધી કોઈ બહારની વ્યક્તિ જિલ્લામાં આવી શકશે નહીં. જિલ્લાની સરહદ સીલ કરી દેવામાં આવી છે. સમગ્ર શહેરમાં અઘોષિત કર્ફ્યુનો



માહોલ છે. જામા મસ્જિદ તરફ જતા ત્રણેય માર્ગો પર બેરિકેડિંગ કરવામાં આવ્યું છે.

અહીં, મૃતકના પરિજનો દાવો કરે છે કે પોલીસ ગોળીબારના કારણે તેમનું મૃત્યુ થયું છે. જોકે, કમિશનરે કહ્યું હતું કે, 'પોલીસ ફાયરિંગમાં કોઈ મોત થયું નથી. હુમલાખોરોએ કરેલા ફાયરિંગમાં યુવકોએ જીવ ગુમાવ્યો છે.વાસ્તવમાં, રવિવારે સવારે ૬.૩૦ વાગ્યે, ડીએમ-એસપી સાથેની એક ટીમ જામા મસ્જિદનું સર્વેક્ષણ કરવા પહોંચી હતી. ટીમને જોઈને મુસ્લિમ સમાજના લોકો ગુસ્સે થઈ ગયા. થોડી જ વારમાં બેથી ત્રણ હજારથી વધુ લોકો જામા મસ્જિદની બહાર પહોંચી ગયા. જ્યારે પોલીસે રોકવાનો પ્રયાસ કર્યો તો કેટલાક લોકોએ પથ્થરમારો કર્યો.

આ પછી નાસભાગ જેવી સ્થિતિ સર્જાઈ હતી. અચાનક પથ્થરમારો શરૂ થતાં પોલીસને ભાગવું પડ્યું હતું. હંગામો એટલો વધી ગયો કે પોલીસે પહેલા ટીયર ગેસના શેલ છોડ્યા અને પછી લાઠીચાર્જ કરીને ભીડને વિખેરી નાખી. ઉશ્કેરાયેલા ટોળાએ ૩ ફોર વ્હીલર અને ૫ બાઈકને આગ ચાંપી દીધી હતી. કેટલાક કલાકો સુધી સ્થિતિ કાબૂ બહાર રહી હતી. રસ્તાઓ પરથી ૪ ટ્રોલી પથ્થરો હટાવવામાં આવ્યા છે. હિંસા બાદ એડીજી રમિત શર્મા, આઈજી મુનિરાજજી ઘટનાસ્થળે પહોંચી ગયા છે.

---

### ન્યૂઝ બ્રિફ



## આદિત્ય ઠાકરેને શિવસેના યુબીટી વિધાનસભાના નેતા બનાવાયા

| મુંબઇ,તા.૨૫ |

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી બાદ શિવસેના (યુબીટી)નેતા ઉદ્ધવ ઠાકરેને મોટી જવાબદારી સોંપવામાં આવી છે. સોમવારે મોટોશ્રીમાં યોજાયેલી ધારાસભ્યોની બેઠકમાં, ઉદ્ધવ ઠાકરેને સર્વસંમતિથી વિધાનસભાના નેતા (વિધાનસભા અને વિધાન પરિષદના બંને ગૃહોના ધારાસભ્યો) તરીકે ચૂંટવામાં આવ્યા હતા, જ્યારે ઠાકરે જૂથના નેતા ભાસ્કર જાધવને વિધાનપક્ષના નેતા તરીકે ચૂંટવામાં આવ્યા હતા. વિધાનસભામાં સુનિલ પ્રભુને ઠાકરે ગ્રુપના ચીફ વ્હીપની જવાબદારી સોંપવામાં આવી છે. ગૃહમાં શિવસેનાના ધારાસભ્યો માટે આદિત્ય ઠાકરેના શબ્દો અંતિમ ગણાશે. આ સાથે શિવસેના ઠાકરે જૂથના નિર્ણયો સુનીલ પ્રભુની સહીથી જ લેવામાં આવશે.તમને જણાવી દઈએ કે મહારાષ્ટ્રમાં વિધાનસભા અને વિધાન પરિષદ બંને છે. ઉદ્ધવ ઠાકરે વિધાનસભા અને વિધાન પરિષદ બંનેમાં પક્ષના વિધાનસભ્યોના નેતા હશે, જ્યારે ભાસ્કર જાધવ માત્ર વિધાનસભામાં વિધાનસભ્ય દળના નેતા હશે.વરલી મતવિસ્તારમાંથી એકનાથ શિંદેની આગેવાની હેઠળના શિવસેનાના મિલિંદ દેવરાને ૮,૮૦૧ મતોથી હરાવીને જીત મેળવી હતી.

## હવે દિલ્હીમાં ૮૦ હજાર નવા વૃદ્ધોને પણ પેન્શન આપવામાં આવશે : અરવિંદ કેજરીવાલ

| નવીદિલ્હી,તા.૨૫ |

દિલ્હીમાં હવે ટૂંક સમયમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. હવે ચૂંટણી પહેલા જ આમ આદમી પાર્ટીના કન્વીનર અરવિંદ કેજરીવાલે મોટો જુગાર રમ્યો છે. કેજરીવાલે દિલ્હીના વડીલો માટે મોટી જાહેરાત કરી છે. કેજરીવાલે કહ્યું છે કે દિલ્હીમાં ૮૦ હજાર નવા વૃદ્ધોને પેન્શનની ભેટ મળશે. કેજરીવાલે કહ્યું છે કે હવે દિલ્હીમાં અટકેલા તમામ કામો ફરી શરૂ કરવામાં આવશે.અરવિંદ કેજરીવાલે સોમવારે પ્રેસ કોન્ફરન્સ કરી વૃદ્ધો માટે મોટી જાહેરાત કરી. કેજરીવાલે કહ્યું કે તેઓ દિલ્હી સરકાર વતી દિલ્હીના વડીલો માટે સારા સમાચાર લાવ્યા છે. સરકાર ૮૦ હજાર નવા વૃદ્ધોને પેન્શન આપવા જઈ રહી છે. કેજરીવાલે કહ્યું છે કે હવે દિલ્હીમાં ૫ લાખ ૩૦ હજાર વૃદ્ધોને પેન્શન મળશે.અરવિંદ કેજરીવાલે કહ્યું કે હાલમાં ૬૦ થી ૬૯ વર્ષની વયના વૃદ્ધોને દર મહિને ૨,૦૦૦ રૂપિયા આપવામાં આવે છે. આ સિવાય ૭૦ વર્ષથી ઉપરના વૃદ્ધોને દર મહિને ૨૫૦૦ રૂપિયા આપવામાં આવે છે.

---

## અમારા સાંસદો ત્યાં હતા નહીં તો એફઆઇઆર કેવી રીતે નોંધવામાં આવે : અખિલેશ યાદવ

| લખનૌ,તા.૨૫ |

સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને સાંસદ અખિલેશ યાદવે ઉત્તર પ્રદેશના સંભલ જિલ્લામાં હિંસાની ઘટના પર સપા સાંસદ જિયા ઉર રહેમાન વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી એફઆઈઆર પર સવાલ ઉઠાવ્યા છે. સંભલ પોલીસે પણ આ મામલે જવાબ આપ્યો હતો. પોલીસનું કહેવું છે કે તેને અગાઉ પણ ભડકાઉ ભાષણ ન આપવા માટે નોટિસ આપવામાં આવી હતી.અખિલેશ યાદવે કહ્યું કે, "અમારા સાંસદ ઝિયા ઉર રહેમાન પણ નિયંત્રણમાં નહોતા, છતાં તેમની સામે એફઆઈઆર નોંધવામાં આવી હતી. આ સરકાર દ્વારા કરવામાં આવેલ હંગામો છે. કોર્ટે આદેશ આપ્યા બાદ તરત જ પોલીસ અને પ્રશાસને સર્વેની શરૂઆત કરી હતી. પોલીસ અને પ્રશાસને પહોંચી વળ્યા. જામા મસ્જિદ. ૨૩ નવેમ્બરે પોલીસ પ્રશાસને કહ્યું હતું કે બીજા દિવસે ૨૪મીએ સવારે બીજો સર્વે કરવામાં આવશે. પોલીસ પ્રશાસનને આ આદેશ કોણે આપ્યો? લોકોએ સર્વેનું કારણ જાણવા માંગતા સર્કલ ઓફિસરે તેમની સાથે ગેરવર્તણૂક કરી હતી. જેના વિરોધમાં લોકોએ પથ્થરમારો શરૂ કર્યો હતો.

---

### EVM પર હારનો આરોપ લગાવતા મોટી માંગ કરી

## મહારાષ્ટ્રમાં ફરી એકવાર ચૂંટણી કરાવો, પરંતુ બેલેટ પેપર ઉપર : સંજય રાઉત

### શિવસેના ઉદ્ધવ જૂથના સાંસદ સંજય રાઉત આ પરિણામ પર સતત સવાલો ઉઠાવી રહ્યા છે

| મુંબઇ,તા.૨૫ |

મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણીના પરિણામો દેશની સામે આવી ગયા છે. રાજ્યની ૨૮૮ વિધાનસભા બેઠકોમાંથી, મહાગઠબંધન (ભાજપ, શિવસેના અને એનસીપી) એ ૨૩૦ બેઠકો પર જંગી જીત મેળવી છે. બીજી તરફ મહાવિકાસ આઘાડી (કોંગ્રેસ, શિવસેના યુબીટી, એનસીપી શરદ પવાર)ને ૫૦થી ઓછી બેઠકો મળી છે. શિવસેના ઉદ્ધવ જૂથના સાંસદ સંજય રાઉત આ પરિણામ પર સતત સવાલો ઉઠાવી રહ્યા છે. ફરી એકવાર રાઉતે EVM પર હારનો આરોપ લગાવતા મોટી માંગ કરી છે.

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના પરિણામો પર, શિવસેના યુબીટી નેતા સંજય રાઉતે કહ્યું - "આ ચૂંટણીમાં ઈવીએમ એક મોટો મુદ્દો રહ્યો છે. તેથી આ વખતે અમે કહીએ છીએ કે આ પરિણામ રાખો અને આ ચૂંટણી એકવાર બેલેટ પેપર પર કરો. અમને બતાવો અમે તમને જણાવીએ કે અગાઉ સંજય રાઉતે પરિણામ સ્વીકારવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો અને કહ્યું હતું કે તેઓ આ પરિણામો સ્વીકારતા નથી અને મહારાષ્ટ્રના લોકો પણ તેમને સ્વીકારશે નહીં.મુંબઈમાં પ્રેસ કોન્ફરન્સમાં સંજય રાઉતે કહ્યું - "આ વખતે અમે કહીએ છીએ કે તમે આ નિર્ણય રાખો, પરંતુ તમે મહારાષ્ટ્રમાં આ ચૂંટણી લો અને બેલેટ પેપર પર કરો. અમને બતાવો કે ઈવીએમનો અમારો નિર્ણય સાચો છે. જે પોસ્ટલ બેલેટ પર ?સંજય રાઉતે કહ્યું- "આખું મહારાષ્ટ્ર શરદ પવાર જેવા નેતાની પાછળ ઊભું હતું. તેમને અથવા અજિત પવારને જે રીતે બેઠકો મળી, આ શું નિર્ણય છે? મહારાષ્ટ્રમાં આ બધા માટે સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડ જવાબદાર છે."

---


### અદાણી ગ્રૂપ, જે પોર્ટ્સથી લઈને એનર્જી સુધીના બિઝનેસ ધરાવે છે

# અદાણી જૂથ રૂ. ૯૪,૪૦૦ કરોડની સ્થાનિક બેંકો પાસેથી લાંબા ગાળાની લોન ધરાવે છે

### અદાણીના જૂથે રોકાણકારો માટે તેની પોર્ટફોલિયો કંપનીઓની નાણાકીય અને દેવાની વિગતો જાહેર કરી

| નવીદિલ્હી,તા.૨૫ |

અબજોપતિ ગૌતમ અદાણીના જૂથે રોકાણકારો માટે તેની પોર્ટફોલિયો કંપનીઓની નાણાકીય અને દેવાની વિગતો જાહેર કરી હતી. આ કંપનીનો મજબૂત નફો અને રોકડ પ્રવાહ દર્શાવે છે. કંપનીના જણાવ્યા અનુસાર, તે ગ્રીન લોન પર નિર્ભરતા વિના પણ તેની વૃદ્ધિની ગતિ જાળવી શકે છે.અદાણી ગ્રૂપ, જે પોર્ટ્સથી લઈને એનર્જી સુધીના બિઝનેસ ધરાવે છે, તેણે રોકાણકારો માટે જારી કરેલા પ્રેઝન્ટેશનમાં તેના સતત વધતા નફા અને રોકડ પ્રવાહ વિશે વાત કરી હતી. જે મુજબ કંપનીની દેવા પર નિર્ભરતા સમયની સાથે ઓછી થઈ છે. કંપનીના સ્થાપક અધ્યક્ષ ગૌતમ અદાણી અને અન્ય બે એક્ઝિક્યુટિવ્સ પર યુએસ કોર્ટમાં સોલાર પાવર કોન્ટ્રાક્ટ જીતવા માટે ભારતીય અધિકારીઓને લાંચ આપ



વાનો આરોપ મૂકવામાં આવ્યો છે.

ઈક્વિટી હવે જૂથની કુલ અસ્કયામતોમાં લગભગ બે તૃતીયાંશ હિસ્સો ધરાવે છે, જે પાંચ વર્ષ પહેલાં કરતાં ઘણો તફાવત છે. છેલ્લા છ મહિનામાં, જૂથે લગભગ રૂ. ૭૫,૨૨૭ કરોડનું રોકાણ કર્યું છે, જ્યારે કુલ દેવું માત્ર રૂ. ૧૬,૮૮૨ કરોડનું જ વધ્યું છે. આ વિગતો સાથે, એક નોંધ પણ રોકાણકારો સાથે શેર કરવામાં આવી હતી."અદાણી પોર્ટફોલિયો કંપનીઓ પાસે ઓછામાં ઓછા ૧૨ મહિના માટે તમામ ડેટ સર્વિસની જરૂરિયાતોને પહોંચી વળવા માટે પૂરતી તરલતા છે. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધીમાં, અદાણી પોર્ટફોલિયો કંપનીઓ પાસે રૂ. ૫૩,૦૨૪ કરોડ છે," તેણે ગ્રુપ લિક્વિડિટી પરની એક નોંધમાં જણાવ્યું હતું. ૧,૦૦૦, જે તેના કુલ કુલ બાકી દેવાના ૨૧ ટકાની નજીક હતું." તેમણે કહ્યું કે આ રકમ આગામી ૨૮ મહિના માટે ડેટ સર્વિસની જરૂરિયાતને પહોંચી વળવા માટે પૂરતી છે.અદાણી ગ્રુપે અગાઉ આગામી ૧૦ વર્ષમાં પોર્ટફોલિયો કંપનીઓમાં રૂ. ૮ લાખ કરોડ (૧૦૦ બિલિયન)નું રોકાણ કરવાની યોજના જાહેર કરી હતી. છેલ્લા ૧૨ મહિનામાં ઓપરેશન્સ અથવા રોકડ નફોમાંથી ભંડોળનો પ્રવાહ રૂ. ૫૮,૯૦૮ કરોડ હતો.

---

## સામંથા નંબર વન, લોકપ્રિયતામાં આલિયા-દીપિકાનો ક્લાસ ગયો

| મુંબઈ, તા.૨૫ |

ઓરમેક્સ સ્ટાર્સ ઈન્ડિયન લવ્સે બઝ પર આધારિત યાદી બહાર પાડી છે જેમાં ટોચની ૧૦ અભિનેત્રીઓના નામનો સમાવેશ થાય છે. જેમાં દક્ષિણ અને હિન્દી સિનેમાની અભિનેત્રીઓના નામ સામેલ છે.ભારતીય સિનેમામાં એવી ઘણી અભિનેત્રીઓ છે જેમની લોકપ્રિયતા અલગ-અલગ કારણોસર છે. પરંતુ સોશિયલ મીડિયા પર હંમેશા હેડલાઈન્સ બનાવનારી અભિનેત્રીઓની યાદી બહાર આવી છે, જેમાં આલિયા-દીપિકાનો ક્લાસ ગયો અને સામંથા નંબર વન પોઝીશન પર પહોચી છે.આ લિસ્ટમાં કેટરિના કૈફનું નામ ૧૦માં નંબર પર છે.

## રણબીર કપૂર સંજયલીલા ભણસાલીને પોતાનો ગોડફાધર માને છે

| મુંબઇ,તા.૨૫ |

રણબીર કપૂર ગોડફાધર: સંજય લીલા ભણસાલી, જેઓ ભારતીય સિનેમાના શ્રેષ્ઠ ફિલ્મ નિર્માતાઓમાંના એક છે, તેમની અદ્ભુત ફિલ્મો માટે જાણીતા છે. આવી સ્થિતિમાં, હવે તે તેની આગામી ફિલ્મ લવ એન્ડ વોરની તૈયારી કરી રહ્યો છે, જેમાં રણબીર કપૂર, આલિયા ભટ્ટ અને વિકી કૌશલ મુખ્ય ભૂમિકામાં છે. આ ફિલ્મ દ્વારા ભણસાલી અને રણબીર કપૂર ૧૭ વર્ષ પછી ફરી સાથે જોવા મળશે. ફેન્સ તેમને ફરી એકવાર સાથે જોવા માટે આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. રણબીર કપૂરે પણ ભણસાલી સાથે કામ કરવા અંગે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો છે.તાજેતરમાં જ ૫૫માં ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ (ઞ્ૐૐ)માં રણબીર કપૂરે કહ્યું, "હું ખૂબ જ ઉત્સાહિત છું. તે મારા ગોડફાધર છે. હું ફિલ્મો વિશે જે કંઈ જાણું છું, અભિનય વિશે જે કંઈ જાણું છું, તે બધું જ મેં તેમની પાસેથી શીખ્યું છે." રણબીરે આગળ કહ્યું, "તે બિલકુલ બદલાયો નથી. તે ખૂબ જ મહેનતુ છે. તે ફક્ત તેની ફિલ્મો વિશે જ વિચારે છે. તે માત્ર પાત્ર વિશે વાત કરવા માંગે છે.

---

### એનર્જી પ્રોજેક્ટની સમીક્ષા કરાશે | સાત પ્રોજેક્ટ રદ કરવા પુષ્કળ પુરાવા એકઠા કર્યા હોવાનો બાંગ્લાદેશની સમિતિનો દાવો

# બાંગ્લાદેશમાં પણ ગૌતમ અદાણીને ફટકો પડી શકે

| ઢાકા, તા.૨૫ |

બાંગ્લાદેશની વચગાળાની સરકારે રચેલી એક સમીક્ષા સમિતિએ ભારતના અદાણી જૂથ સહિત વિવિધ બિઝનેસ ગ્રુપ સાથે પદભ્રષ્ટ વડાપ્રધાન શેખ હસીનાના શાસને કરેલા પાવર કરારોની તપાસ કરવા માટે એક તપાસ સમિતિની રચના કરવાની ભલામણ કરી છે. બાંગ્લાદેશની આ હિલચાલથી અદાણી ગ્રુપની મુશ્કેલીમાં વધુ વધારો થવાની ધારણા છે. એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું હતું કે વીજળી, ઉર્જા અને ખનિજ



સંસાધન મંત્રાલય પરની રાષ્ટ્રીય સમીક્ષા સમિતિએ ૨૦૦૯થી ૨૦૨૪ સુધી શેખ હસીનાના નિરંકુશ શાસન દરમિયાન હસ્તાક્ષર કરાયેલા મોટા વીજળી ઉત્પાદન કરારોની સમીક્ષા કરવા માટે પ્રતિષ્ઠિત કાનૂની અને તપાસ એજન્સીની નિમણૂક કરવાની ભલામણ કરી છે. બાંગ્લાદેશના મુખ્ય સલાહકાર મુહમ્મદ યુનુસના કાર્યાલયે જારી કરેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે સમિતિ હાલમાં અદાણી પાવર લિમિટેડની સંપૂર્ણ માલિકીની પેટાકંપની અદાણી (ગોડ્ડા) ૈંઙ્ઘઙ્ઝ- ૧૨૩૪.૪ મેગાવોટ કોલસા આધારિત પ્લાન્ટ સહિત સાત મોટા ઉર્જા અને પાવર પ્રોજેક્ટ્સની સમીક્ષા કરી રહી છે. બીજા છ પ્રોજેક્ટમાં એક ચીની કંપનીનો છે. ચીન કંપનીને ૧૩૨૦ મેગાવોટનો કોલસા આધારિત પાવર પ્લાન્ટ આપવામાં આવેલો છે. બાકીના પ્રોજેક્ટ્સ બાંગ્લાદેશના બિઝનેસ ગ્રુપો સંબંધિત છે. આવું કરવા માટે અમે સમિતિને મદદ કરવા માટે એક અથવા વધુ ઉચ્ચ-સ્તરની આંતરરાષ્ટ્રીય કાનૂની અને તપાસ એજન્સી અથવા એજન્સીઓની તાત્કાલિક નિમણૂક કરવાની ભલામણ કરીએ છીએ.અમેરિકામાં ગૌતમ અદાણી સામેના કથિત લાંચના આરોપની તપાસ કરવા કરવાની માગણી સાથે ભારતની સુપ્રીમ કોર્ટમાં નવી અરજી દાખલ કરવામાં આવી છે. એડવોકેટ વિશાલ તિવારીએ અદાણી-હિન્ડેનબર્ગ વિવાદ સંબંધિત સંખ્યાબંધ અરજીઓ ઈન્ટરલોક્યુટરી એપ્લિકેશન તરીકે આ અરજી દાખલ કરી છે.

---

### રાજ્ય સરકારનું પક્ષપાતી અને ઉતાવળભર્યું વલણ અત્યંત દુર્ભાગ્યપૂર્ણ

### એકવાર સર્વે થઈ ગયો, પછી સવારે ૬ વાગ્યે ડીએમ જવાની શું જરૂર હતી, રામ ગોપાલ યાદવ

# રાહુલ ગાંધીએ સંભલમાં ભડકેલી હિંસા અંગે ભાજપ સરકારને જવાબદાર ઠેરવી

| નવીદિલ્હી,તા.૨૫ |

રાહુલ ગાંધીએ કહ્યું છે કે ઉત્તર પ્રદેશમાં સંભાલમાં તાજેતરના વિવાદ પર રાજ્ય સરકારનું પક્ષપાતી અને ઉતાવળભર્યું વલણ અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે. હિંસા અને ગોળીબારમાં જેમણે પોતાના પ્રિયજનોને ગુમાવ્યા છે તેમના પ્રત્યે મારી ઊંડી સંવેદના.



રાહુલે કહ્યું, 'પ્રશાસન દ્વારા તમામ પક્ષોને સાંભળ્યા વિના અને અસંવેદનશીલતાથી લેવાયેલી કાર્યવાહીથી વાતાવરણ વધુ ખરાબ થયું અને ઘણા લોકોના મોત થયા, જેના માટે ભાજપ સરકાર સીધી રીતે જવાબદાર છે. ભાજપ દ્વારા હિંદુ-મુસ્લિમ સમાજ વચ્ચે તિરાડ અને ભેદભાવ ઉભી કરવા માટે સત્તાનો ઉપયોગ ન તો રાજ્યના અને ન તો દેશના હિતમાં છે.રાહુલે કહ્યું, 'હું સુપ્રીમ કોર્ટને વિનંતી કરું છું કે તે આ મામલે જલદી દરમિયાનગીરી કરે અને ન્યાય કરે. મારી અપીલ છે કે શાંતિ અને પરસ્પર સૌહાર્દ જાળવી રાખો. આપણે સૌએ સાથે મળીને એ સુનિશ્ચિત કરવું પડશે કે ભારત સાંપ્રદાયિકતા અને નફરતના નહીં પણ એકતા અને બંધારણના માર્ગે આગળ વધે. દરમિયાન કોંગ્રેસના નવા બનેલા સાંસદ પ્રિયંકા ગાંધીએ પણ સંભલ કેસ પર નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું કે વહીવટીતંત્રે કોઈપણ તપાસ વિના અથવા બંને પક્ષોને વિશ્વાસમાં લીધા વિના ઉતાવળમાં પગલાં લીધાં. પ્રિયંકાએ એક્સ પર પોસ્ટ કરીને કહ્યું, 'સંભાલ, ઉત્તર પ્રદેશમાં અચાનક થયેલા વિવાદને લઈને રાજ્ય સરકારનું વલણ ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે. બીજી બાજુ સાંભળ્યા વિના અને બંને પક્ષોને વિશ્વાસમાં લીધા વિના વહીવટીતંત્રે આવા સંવેદનશીલ મામલામાં જે ઉતાવળમાં કાર્યવાહી કરી તે દર્શાવે છે કે સરકારે જ વાતાવરણ બગાડ્યું છે.

Jariwala HOLIDAYS PVT. LTD. રામકૃષ્ણ આશ્રમ સામે, યાજ્ઞીક રોડ, રાજકોટ
માહિતી પત્રક માટે વોટસએપ કરવું : 91733 91333
ફેમીલી/કપલ ટુર્સ
AC 2X2 સ્લીપર-સીટીંગ બસ/ રેલ્વે/ફલાઈટ દ્વારા
ગુજરાતી-પંજાબી-જૈન ભોજન મિનરલ વોટર • સ્ટાર-ડીલક્ષ હોટલ
દિ.૮ ગોવા મ.બળેશ્વર-લોનાવાલા ઈમેજીકા
દિ.૧૨ મનાલી સિમલા ડેલહાઉસી
દિ.૧૨ કાશ્મીર વૈષ્ણોદેવી અમૃતસર
દિ.૧૦ હરિદ્વાર આગ્રા-દિલ્હી મથુરા
દિ.૮ પંચમઢી ઈન્દોર ઉજ્જૈન
દિ.૧૨ ચારધામ યાત્રા
દિ.૫ ગોવા એર પેકેજ
દિ.૯ સિક્કીમ દાર્જીલીંગ લાચુંગ
COMMERAD












# રાજકોટમાં ૧૧ વર્ષના બાળકનું હાર્ટ એટેકથી મોત

। રાજકોટ,તા.૨૫ ।

હાર્ટ એટેકથી મૃત્યુનાં બનાવોમાં પ્રકાશમાં આવી રહ્યા છે. ત્યારે હાર્ટ એટેકમાં કેટલાય પરિવારજનો દ્વારા પ ોતાનાં સ્વજનો ગુમાવ્યા છે. રાજકોટમાં પણ ૧૧ વર્ષનાં બાળકનું હદય રોગનાં હુમલાથી મૃત્યું થયું હતું. બાળક અચાનક ઢળી પડતા પરિવારજનો દ્વારા બાળકને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં હોસ્પિટલમાં ફરજ પરનાં તબીબોએ બાળકને મૃત જાહેર કર્યો હતો.

આ અંગેની પ્રાપ્ત વિગત મુજબ રાજકોટ શહેરનાં ગોંડલ રોડ પાસે વિજય પ્લોટમાં રહેતા દેવરાજ કનકભાઈ કારેલિયા ઉ.વર્ષ.૧૧ સવારે પોતાનાં ઘર બહાર અન્ય બાળકો સાથે બેઠો હતો. તે દરમ્યાન અચાનક જ દેવરાજ જમીન પર ઢળી પડ્યો હતો. ત્યાર બાદ દેવરાજનાં પિતાએ હાર્ટ પમ્પિંગ પણ કર્યું હતું.
































**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya